Since 1925...

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૨૦ • અંક : ૩૨ • તા. ૦૭ ઑગસ્ટ ૨૦૧૭ થી ૧૩ ઑગસ્ટ ૨૦૧૭ • વાર્ષિક લવાજમ રૂા. ૫૦ • Regn.No. MCE/53/2015-17

## શ્રી વીરજી લધાભાઈ કે.ડી.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ : શ્રી ભવાનજી અરજણ ખીમજી એજ્યુકેશનલ કેમ્પસ



વિદ્યાર્થીગૃહની નવી ઈમારત

ક્યારેક નાનકડી ઈમારતમાં વિદ્યાર્થીઓને તમામ સગવડો આપીને અક્ષરજ્ઞાન થકી આત્મસન્માન અને અગ્રેસર રહેવા માટેના આશીર્વાદ આપતું આપણું શ્રી વીરજી લધાભાઈ કે.ડી.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ આજે વિશ્વકક્ષાની અત્યાધુનિક સગવડો સાથે જ્ઞાતિને ગૌરવ લેવા પ્રેરે એવી ઈમારતમાં ધમધમતું થઈ કે.ડી.ઓ.ની ભવિષ્યની પેઢીને સુશિક્ષિત થવામાં મદદરૂપ થઈ રહ્યું છે.

અકલ્પનીય કાયાપલટ કરેલ વિદ્યાર્થીગૃહમાં જ્ઞાતિના વિદ્યાર્થીઓને અવ્વલ કક્ષાની નિવાસી સુવિધા સાથે ખંતપૂર્વક એકાગ્રતા સાથે સાક્ષરજ્ઞાનથી સર્વાંગ સંપૂર્ણ માનવી બનવા માટે જરૂરી એવી સર્વ સગવડો; જેવીકે ભવ્યલોબી, હાઈસ્પીડ લિફ્ટ, ટોપ-ક્લાસ સગવડોથી સજ્જ રૂમો, ટ્યુશન રૂમ, અલ્ટ્રામોર્ડન કીચન સાથે સગવડતા સભર ડાઈનીંગ હોલ જેવી સુવિધાઓ નવી ઈમારતમાં પુરી પાડવામાં આવી છે.

સાત માળની ઈમારતમાં ૧૫૦ વિદ્યાર્થીઓને રહેવાની ક્ષમતા ધરાવતા વિદ્યાર્થીગૃહમાં ચાલુ શૈક્ષણિક વર્ષમાં ૧૩૪ વિદ્યાર્થીઓએ એડમીશન લીધેલ છે, તેમજ અન્ય ૨૩ વિદ્યાર્થીઓ પાસેથી ઍડમીશન માટે અરજીઓ મળેલ છે.

### નવા અલ્ટ્રામોર્ડન વિદ્યાર્થીગૃહમાં અપાતી સુવિધાઓની તસ્વીરી ઝલક



સ્ટુડન્ટ રૂમ



લાઈબ્રેરી



જીમ રૂમ



સ્પોર્ટસ રૂમ



ટ્યુશન રૂમ



કોમ્પ્યુટર રૂમ



પ્રાર્થના (મલ્ટી પર્પસ) રૂમ



ડાઈનીંગ હૉલ

*The tassel was worth the hassle, A new feather in our castle,*
*Announcing it to the entire passel, With the Almighty's grace,*
*Neel has become a Chartered Accountant.*



# Neel Ghanshyam Lalka

**Presently working as Assistant Manager, JLL India**

**Pursuing 2nd year of LL.B (KC Law College, Churchgate)**
**MBA – Finance – Hybrid (Welingkar Institute, Matunga)**
**M.Com (HR College, Churchgate)**
**B.Com (HR College, Churchgate)**
**Adv. Diploma in Travel and Tourism Management (HR College, Churchgate)**

***Proud Grandparents***

**Late Smt. Lalita & Shri Chimanlal Dhanji Lalka (Varapadhar - Coimbatore)**
**Smt. Pramila & Shri Thakarshi Meghji Gosher (Bayath)**

***Elated Parents***

**Alpa and Ghanshyam Lalka**
**99308 30031**

**આદ્યતંત્રીઓ**
**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા
મુકેશ ભવાનજી લોડાયા
ઉદયન લાલજી શાહ

**અંક નં. 32/2017**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

**: જાહેરાત સંપર્ક :**
મુકેશ ભવાનજી લોડાયા
022-2508 4463/64/65

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

**તંત્રી સમીપે**

# ટ્રસ્ટીઓએ 'અનંતસિધ્ધિ'ના પુનર્વિકાસની યોજના માટે શ્રેષ્ઠ વિકલ્પનો નિર્ણય લેવા અંગે જ્ઞાતિને વિશ્વાસમાં લેવી જ પડશે...

અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ જ્ઞાતિ અગ્રણીઓ અને વ્યવસાયિકોને 'અનંત સિધ્ધિ'ના પ્રસ્તાવિત પુનર્વિકાસની યોજના બાબતે સલાહ સૂચનો આપવા થોડા સમય પહેલાં કરેલી જાહેર વિનંતિના પ્રતિસાદમાં આપમેળે બહુ ઓછા પરંતુ ટ્રસ્ટીઓએ પ્રોત્સાહિત કર્યા હોય તેવા ઠીક સંખ્યામાં જ્ઞાતિજનોએ તત્પરતા દાખવી છે તેવા મળી રહેલા અહેવાલોમાં એક સૂચક વાત એ છે કે સ્વતઃ ઈચ્છુક જ્ઞાતિજનોમાં અનેક ભૂતપૂર્વ ટ્રસ્ટીઓ, બીલ્ડર-ડેવલપર્સ તરિકે પ્રવૃત જ્ઞાતિજનો તેમજ કાનૂની વ્યવસાયિકોનો સમાવેશ થાય છે, જેના કારણે આ બાબતે મળનાર આગામી સભા અંગે જ્ઞાતિજનોમાં ઉત્કંઠા અને ઉત્તેજના જેવા મિશ્ર પ્રત્યાઘાતો સર્જાયા છે.

'અનંતસિધ્ધિ'નો પુનર્વિકાસ થવો જ જોઈએ અને ટ્રસ્ટની અન્ય મિલકતો કરતાં આ મિલકતને પ્રથમ અગ્રતાક્રમ અપાયો છે તે વિશે વધુ ચર્ચા-વિવાદને કોઈ અવકાશ નથી તે વસ્તુસ્થિતિ સૌએ સ્વીકારવી જોઈએ તે વિષે બે મત નથી. આ મુદ્દે ઘણા કારણો પણ આપી શકાય પણ તે અત્રે અપ્રસ્તુત છે.

તેવી જ રીતે, અનંત સિધ્ધિના ભાડુતોએ એ સજ્જડ વિશ્વાસ રાખવો જોઈએ કે અનંતસિધ્ધિના પુનર્વિકાસ કરવા બાબતે જ્ઞાતિમાં કોઈ પણ પ્રકારનો વિરોધ છે જ નહીં. આ ભાડુતો અને તેમના કુટુંબોને શક્યતઃ સત્વરે નવનિર્મિત ફ્લેટો મળે તેવી સૌ જ્ઞાતિજનોની દઢ ભાવના અને શુભેચ્છા છે તે બાબતે તેમણે નિશ્ચિંત રહેવું જોઈએ. અલબત્ત, વર્તમાન ટ્રસ્ટીઓ આ ભાડુતોમાં એવી ગેરમાન્યતા ફેલાવી રહ્યા છે કે ખાસ કરીને તેમના પુરોગામી ટ્રસ્ટીઓ અને તેમના સમર્થકો વર્તમાન ટ્રસ્ટબોર્ડ દ્વારા આ પુનર્વિકાસનો પ્રકલ્પ હાથ ન ધરાય કે પૂર્ણ કરાય તે માટે તજવીજ - પ્રયત્નો કરી રહ્યા છે. આ એક કમનસીબ વાત છે પરંતુ જ્ઞાતિમાં આ અંગે રાજકારણ ન રમાય તેનું સૌ સંબંધિતોએ ધ્યાન રાખવું પડશે. વરીષ્ઠ ભૂતપૂર્વ ટ્રસ્ટીઓ અને પુરોગામી ટ્રસ્ટીઓ સહિત જ્ઞાતિ વિચારશીલ જ્ઞાતિ અગ્રણીઓનો એ સ્પષ્ટ મત છે કે અનંતસિધ્ધિના ભાડુતો, વર્તમાન ટ્રસ્ટીઓ જો કોઈ અપપ્રચાર કરતા હોય તો તે પર દુર્લક્ષ સેવે તેમાં જ તેમનું અને સમગ્ર જ્ઞાતિનું હિત છે.

સાથે સાથે, આ મુદ્દે એ પણ પ્રસ્તુત ગણવું જોઈએ કે મુંબઈ હાઈકોર્ટે જે કારણે મુંબઈ મ્યુનીસીપલ કોર્પોરેશનને મુંબઈમાં કોઈ પણ પ્રકલ્પ-બાંધકામ અંગે મંજુરી આપવા સામે મનાઈ હુકમ કર્યો છે તે જોતાં અનંતસિધ્ધિનું પ્રસ્તાવિત બાંધકામ ઓછામાં ઓછા બારેક મહીના પહેલાં શરૂ થાય તેવી સંભવિતતા નહીંવત છે. તેથી, વર્તમાન ટ્રસ્ટીઓ સામે કથિત વિરોધ અને આડખીલીઓ ઊભા કરવા કોઈ સ્થાપિત હિતો કામ કરી રહ્યા છે અને તેને કારણે આ પુનર્વિકાસ વિલંબમાં મુકાશે તો તેમાં વર્તમાન ટ્રસ્ટીઓને દોષ ન આપવો જોઈએ એવા પ્રચાર-પ્રસારને પણ કોઈ પુષ્ટિ આપવાની જરૂર નથી.

આ દરમ્યાન તાજેતરમાં પ્રકાશિત થયેલ જાહેરાતમાં ''ભાંડુપ તથા અનંતસિધ્ધિના રહેવાસીઓએ'' અનંતસિધ્ધિની પ્રસ્તાવિત પુનર્વિકાસની યોજનામાં ''વિશાળ ઉપાશ્રય, આયંબિલવાડી બેન્કવેટ હૉલ, વિવિધલક્ષી હૉલ, અતિથિગૃહ અને નવા અનંતસિધ્ધિ સંકુલમાં જ્ઞાતિના ગૌરવ સમાન ભવ્યાતિભવ્ય મારબલનું આદિનાથ દાદાનું દેરાસરજી''નો

સમાવેશ થશે એ મતલબનો ઉલ્લેખ કરેલ છે. તેમજ સંકુલમાં નવા જ્ઞાતિ કુટુંબોનો ઉમેરો થશે તેમ પણ તેમાં જણાવાયું છે.

આ જાહેરાતના ખરા કર્તા વર્તમાન ટ્રસ્ટીઓ જ છે અને એમ ન હોય તો પણ તે તેમના દ્વારા જ પ્રેરિત અને માર્ગદર્શિત છે એ વિષે કોઈ શંકાને સ્થાન ન હોવું જોઈએ. અન્યથા, ટ્રસ્ટીઓએ સત્તાવાર પણે આ પ્રકારની યોજનાની જાહેરાત કરી નથી તે જોતાં ઉક્ત વિગતોની સુનિશ્ચિતતાથી અને વિશ્વસનીયપણે માહિતી આપવા ઉપરોક્ત 'રહેવાસીઓ'ને કોઈ પ્રયોજન હોઈ ન શકે તે દીવા જેવું સ્પષ્ટ છે. ટ્રસ્ટીઓ જ્ઞાતિ સમક્ષ પ્રત્યક્ષપણે પારદર્શક બનીને ઉક્ત પુનર્વિકાસની યોજનાની કોઈ પણ વિગતો જાહેર કરવા ઈચ્છતા નથી અને બીજી બાજુ આ યોજનાના મુખ્ય અંશો-અંગોથી જ્ઞાતિજનોને માહિતગાર કરવા તેમણે આ પરોક્ષ રાહ અપનાવ્યો છે તે તેમના માટે બિલકુલ શોભાસ્પદ નથી.

તેવી જ રીતે, આ પહેલાં ટ્રસ્ટીઓએ જ્ઞાતિ અગ્રણીઓના સલાહ સૂચન મેળવવા જાહેર આમંત્રણ આપ્યું હતું તેના પ્રતિસાદમાં કેટલાક જ્ઞાતિજનોએ તેમાં સહભાગી થવાની ઈચ્છા પ્રદર્શિત કરવાની સાથે ઉક્ત યોજનાની વિગતો આપવા ટ્રસ્ટીઓને વિનંતિ કરી છે પણ ટ્રસ્ટીઓએ હજી સુધી તે પૂરી પાડી નથી તે પ્રકારનું તેમનું બેવડું ધોરણ પણ તેમને શોભતું નથી. અગાઉ આ સ્થાને સૂચવ્યું છે તેમ ટ્રસ્ટીઓએ સર્વ ઈચ્છુક જ્ઞાતિજનોને આ યોજનાના પ્લાન, પ્રોજેક્ટ રિપોર્ટ સહિતની સંપૂર્ણ વિગતો આ સભા મળવાના એકાદ સપ્તાહ પહેલાં મોકલી દેવી જોઈએ. ટ્રસ્ટીઓ આ પ્રસ્તાવિત સભામાં જ્ઞાતિ માટે અત્યંત મહત્વના પ્રશ્ને અર્થપૂર્ણ વિચાર વિમર્શ થાય તે માટે સંનિષ્ઠ હોય તો તેમણે આ સાહિત્ય મોકલીને તેની અગોતરી પ્રતીતિ આપવી જોઈએ.

આ સ્થાને આ પહેલા પણ નિર્દેશ કર્યો છે તેમ નવા 'રેરા' ના કાયદા હેઠળ આ પુનર્વિકાસની યોજનાની પણ નોંધણી કરવાનું ફરજિયાત છે. તેથી અનંતસિધ્ધિની જમીનના ટાઈટલ્સ ચોખ્ખા અને બજારક્ષમ (માર્કેટેબલ) હોવા અત્યંત જરૂરી છે. આમ મૂળભૂતપણે આ જમીનનો ફક્ત સેનેટરીયમ તરિકે ઉપયોગ કરવાનો ઉદ્દેશ્ય સંલગ્ન થયેલ છે તે વસ્તુસ્થિતિ તેમજ સિત્તેરના દાયકામાં મુંબઈ હાઈકોર્ટે આપેલ ચુકાદા-આદેશ મુજબ આ ઉદ્દેશ સચવાવો જ જોઈએ, તે વિષે દુર્લક્ષ ન થવું જોઈએ.

ટ્રસ્ટીઓએ આ સંદર્ભે ચેરિટી કમીશ્નર સમક્ષ સમુચિત કાનૂનીવિધિ કરવી અત્યાવશ્યક રહેશે જે માટે તેમણે મુંબઈ મહાજન, મહાજન હસ્તક સ્કીમ ફંડ ટ્રસ્ટની ૮૦-૯૦ વર્ષ પહેલાંની મિનિટસ્ બુક અને ૪૦-૫૦ વર્ષ પહેલાંની કોર્ટ કાર્યવાહીમાં અપાયેલ વિવિધ ચૂકાદા-આદેશોની પ્રમાણિત નકલો રજુ કરવી પડશે. ટ્રસ્ટીઓ


**જાહેરાત કર્તાઓ એ નોંધ લેવા વિનંતી.**

આપ સૌ જાણો છે કે ૧ જુલાઇ ૧૭થી GST અમલમાં આવેલ છે. જે મુજબ કાનુની નોંધણી થયા પછી જાહેરાત પર 5% GST લાગશે. તેની સૌએ નોંધ લેવી.

**પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર + 5% GST**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Mulund (W), Mumbai - 400 080.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of **"C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

ઉક્ત 'રેરા' કાયદા અંતર્ગત જરૂરી છે તે દષ્ટિએ નિષ્ણાત કાનૂની સલાહકારો દ્વારા આ મૂળભૂત બાબતો અંગે યોગ્ય અભ્યાસ-તપાસ, ચકાસણી-કાર્યવાહી કરાવીને તેની સર્વ વિગતો તેમના (કાનૂની સલાહકારોના) ટાઈટલ સર્ટીફિકેટમાં આમેજ કરી તે ચોખ્ખા અને ક્ષતિયુક્ત પ્રમાણિત કરાવશે તે પછી જ પુનર્વિકાસની યોજનાના બિલ્ડિંગ પ્લાન નગરપાલિકાની મંજુરી માટે મૂકી શકશે. ઉક્ત 'રેરા'નો કાયદો ઘણો જ સખ્ત અને કડક છે અને સર્વ પુનર્વિકાસ યોજનાઓને પણ તે લાગુ પડે છે તેથી દરેક બીલ્ડર-ડેવલપરની જેમ ટ્રસ્ટીઓ આ પ્રકલ્પનું ટ્રસ્ટના ખર્ચે આયોજન કરવા ઈચ્છતા હોય તો તેમણે પણ ઉક્ત જોગવાઈઓનું પૂર્ણતઃ પાલન કરવાનું રહેશે અન્યથા ભાંડુપની આ જમીન-મિલકત પર હાથ ધરાયેલ પુનર્વિકાસના બાંધકામ અંગે ભવિષ્યમાં કાનૂની મુશ્કેલીઓ ઊભી થઈ શકે છે જે માટે પહેલાંથી જ પૂરેપૂરી સાવચેતી લેવાની જરૂર છે.

આ સ્થાનેથી આ પહેલાં પણ જે જે મુદ્દાનો ઉલ્લેખ કરાયો છે તે અનુસાર, અનંતસિધ્ધિના પુનર્વિકાસના પ્રકલ્પના સૂચિતાર્થો સમગ્ર જ્ઞાતિને સ્પર્શે છે અને ઓછામાં ઓછું તે મુંબઈ મહાજનની બંધારણીય હકુમતને આધીન છે જેમાં ટ્રસ્ટીઓ અત્યારના ભાંડુપ દેરાસરજીને આ જમીન પર જ અન્યત્ર ખસેડવાની યોજના કરી રહ્યા છે તે માટે મહાજનની પૂર્વમંજુરી લેવાનો પ્રશ્ન પણ સંકળાયેલો છે. મહાજનશ્રીની સામાન્ય સભા આ સંવેદનશીલ પ્રશ્ન પર વિચારણા કરે તે પહેલાં ટ્રસ્ટીઓએ સૌ સંબંધિતો સાથે અવિધિસરપણે વિચાર વિમર્શ કરી તે બાબતે સર્વાધિક માન્ય નિષ્કર્ષ મળે તેવી ભૂમિકા પહેલાંથી જ ઊભી કરવી પડશે. આમ થશે તો મહાજનની સભામાં બિનજરૂરી ધાંધલ - ધમાલ કે ઉશ્કેરાટ ટાળી શકાશે.

અનંતસિધ્ધિના પુનર્વિકાસની યોજનાનું આર્થિક પાસું પણ એટલું જ મહત્વનું છે. ખાસ કરીને જ્યારે સમગ્ર જ્ઞાતિના હિતોના દષ્ટિકોણથી તેના લેખા-જોખા કરવાનો ઉપક્રમ હોય.

એક અત્યંત સંયમિત અંદાજ પ્રમાણે અનંતસિધ્ધિના પુનર્વિકાસના પ્રકલ્પમાં અત્યારના ભાડૂતોને વધારાનું ક્ષેત્રફળ આપીને નવનિર્મિત ફ્લેટોનું એલોટમેન્ટ કર્યા પછી તેમજ આધુનિક સભાગૃહ, અતિથિગૃહ, આયંબીલશાળા જેવા વિવિધલક્ષી સામાજિક ઉદ્દેશોની પૂર્તિ કર્યા બાદ જે શેષ બાંધકામ ઉપલબ્ધ રહેશે તે કમસે કમ પાંત્રીસ હજાર ચો-ફુટ (કાર્પેટ) જેટલું રહેશે. જેનું બાંધકામ વિનાનું અત્યારના બજારવહેણોની દષ્ટિએ ઓછામાં ઓછું પચાસ કરોડ જેટલું મુલ્ય થાય. બીજુ બાજુ, ટ્રસ્ટીઓના નજીકના સૂત્રોએ આપેલ માહિતી મુજબ, ટ્રસ્ટીઓ શેષ બાંધકામના ફ્લેટો બનાવી જ્ઞાતિજનોને વીસ હજારના ભાવે વેચાણ કરવા ઑફર કરશે. એ રીતે પણ ટ્રસ્ટને ઓછામાં ઓછો પચાસ કરોડ જેટલો નફો-લાભ થઈ શકશે.

અલબત્ત, ઉક્ત ગણતરીઓ અડસટે કરેલ છે તેથી તેમાં છેવટે ઘણી જ મોટી માત્રામાં વત્તા-ઓછા થવાનો પૂરેપૂરો સંભવ છે. અનંતસિધ્ધિના પ્રકલ્પને કારણે જ્ઞાતિના આર્થિક માળખાને કેટલી ઘણી માત્રામાં અસર પહોંચી શકે છે તે દર્શાવવા પૂરતું જ ઉક્ત ગણિત મૂકાયું છે તેથી તે વિષે ગેરસમજણ ન થાય તેની સ્પષ્ટતા થવી જરૂરી છે.

એ જે હોય તે, ટ્રસ્ટીઓએ અનંતસિધ્ધિના પુનર્વિકાસની બાબતે જે યોજના બનાવી છે તેમાં એક સર્વાધિક મહત્વનો મુદ્દો ગંભીર વિચારણા માંગે છે તેનો પણ નિર્દેશ કરવો જોઈએ.

પબ્લીક ટ્રસ્ટને લગતો કાયદો, અનંતનાથજી ટ્રસ્ટની સ્કીમ અને વર્ષો પહેલાં એકીકરણ થયેલ મહાજન હસ્તકના સ્કીમ ફંડ ટ્રસ્ટના બંધારણની જોગવાઈઓની, અલગ અલગ કે સંયુક્ત અને સમગ્રતયા દષ્ટિકોણથી વિચારણા કરીએ તો ટ્રસ્ટીઓની અનંતસિધ્ધિની પુનર્વિકાસની પ્રસ્તુત યોજના કાનુની રીતે પણ સ્વિકૃતી પામી શકે તેમ નથી.

ટ્રસ્ટીઓ જો ટ્રસ્ટના ખર્ચે મંજુર પ્લાન મુજબ બાંધકામ કરીને ખુલ્લા બજારમાં કે જ્ઞાતિજનોને સુધ્ધાં ફ્લેટોનું વેચાર કરે તો તે એક ધંધાકીય (બીઝનેસ) પ્રવૃતિ ગણાય જે કરવા સાથે ટ્રસ્ટ કે ટ્રસ્ટીઓને સંપૂર્ણ પ્રતિબંધ કે મનાઈ છે. ટ્રસ્ટીઓ આ રીતે ટ્રસ્ટને વ્યાપાર-ધંધામાં પ્રવૃત કરી શકતા નથી.

બીજી રીતે જોઈએ તો પણ ટ્રસ્ટીઓ ટ્રસ્ટના ખર્ચે બાંધકામ કરવા ટેન્ડર-કોટેશન બહાર પાડી કોન્ટ્રક્ટરોની નિમણુંક કરવા ઉપરાંત માલ-સામગ્રીની ગુણવત્તા, તેના સ્ટોકની ચોકસાઈ જેવી રોજબરોજની ચુસ્ત દેખરેખની

કડાકૂટમાં પડવામાં તેમજ 'રેરા' જેવા કડક કાયદાની વિવિધ જોગવાઈઓનું પાલન કરવામાં, ફ્લેટ ખરીદકર્તાઓ દ્વારા બાંધકામ કે કોઈ સુવિધા સંદર્ભે કોઈ ખામી કે કમી થાય તો તેની પાંચ વર્ષ સુધી સુધારણા કે નિકાલ કરવાની પોતે કે અનુગામી ટ્રસ્ટીઓ પર જવાબદારી લાદવામાં તેમજ ફ્લેટોના વેચાણ બજાર કિંમતે થાય છે કે કેમ તેની અને તેના ઈન્કમ ટેક્ષ સહિતના અન્ય કાયદાઓ હેઠળ આપવા પડતા કર ઈત્યાદિનું પ્લાનીંગ કરવામાં શા માટે આટલો રસ કે શોખ રાખે છે તેનો કોઈ સંતોષકારક ખુલાસો તેઓ જ્ઞાતિને આપી શકે તેમ નથી.

આમ સમગ્રતયા વિચારણા કરતાં એટલું તો ચોક્કસપણે કરી શકાય કે ટ્રસ્ટીઓએ 'અનંતસિધ્ધિ'ના પુનર્વિકાસ અંગે તેમણે ઘડેલી યોજનાને બદલે અન્ય વિકલ્પ શોધવો પડશે જે સંદર્ભે તેઓ પોતાની પ્રતિષ્ઠાનો મુદ્દો બનાવ્યા વિના ઉક્ત જ્ઞાતિ અગ્રણીઓ અને વ્યવસાયિકો સાથેની સભામાં સમુચિત વિચાર વિમર્શ કરી જ્ઞાતિને સાચા અર્થમાં વિશ્વાસમાં લેવા પ્રમાણિક સંનિષ્ઠા દાખવશે તેવી અપેક્ષા રાખીએ.

– રા.

## સમસ્ત મહાજન ટ્રસ્ટ બોર્ડની સભા મુંબઈ મુકામે સંપન્ન થઈ

રવિવાર, તા. ૨૩-૦૭-૨૦૧૭ના રોજ ટ્રસ્ટ બોર્ડની એક સભા મુલુંડ ખાતે મળેલ. લિડરશીપ સમીટનો અહેવાલ રજુ કરાયો હતો. મળેલ અપ્રતિમ સફળતાની નોંધ લઈ સૌનો આભાર વ્યક્ત કરાયો હતો.

સમીટમાં થયેલ વિચાર વલોણા બાદ સુચવાયેલ આગામી નિર્દેશનોને ગત્ મહાસમિતીનો સભામાં ચર્ચા વિચારણા બાદ લેવાયેલા નિર્ણયો પૈકી ગર્વનીંગ કાઉન્સીલની રચનાના મુદે સભાએ વિચારણા બાદ આ બાબત આગામી સભામાં મુકવાનું નક્કી કરેલ.

સમસ્તના મુખપત્ર શરૂ કરવાની કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ થયેલ છે તથા ટુંક સમયમાં ટાઈટલ પણ ફાઈનલ થઈને જતાં આવી પ્રારંભિક તબક્કે પાક્ષિક કાઢવું તથા ડેઈલી ઈ-ન્યુઝ પેપરનું પણ નક્કી થયું હતુ.

શ્રી ચંદ્રસેનભાઈ મોમાયાના દેહાવસાનથી ખાલી પડેલી મુંબઈ વિભાગની બેઠક પર શ્રી કિરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયાની સર્વાનુમતે નિમણુંક થયેલ.


# શ્રી ક.દ.ઓ.જી.વી.સી. જૈન સંઘ – ઘાટકોપર

## જ્ઞાન પાઠશાળા અનંતછાયા – ઘાટકોપર

જીવનમાં આપવા જેવું તો દાન છે અને આ દાન એમાં પણ **જ્ઞાનનું દાન** એટલે એ છે **મહાદાન.** જ્યારે પણ લોકો દાન આપે અને ભોજનના કરાવે રસપાન પણ આ છે. એવા મહારથી જેમણે ખરેખર જીવનમાં આવું સુંદર સુકૃતનું કામ કર્યું છે અને આપણા ઉગતા ભવિષ્યની નિશાની એવું સમ્યગજ્ઞાનનું દાન **માતુશ્રી ખમાવંતીબેન ત્રિકમજી પત્રામલ લોડાયા – ગામ નલીયા – હાલ ઘાટકોપરવાળા**એ શ્રી કે. ડી. ઓ. જી. વી. સી. જ્ઞાન પાઠશાળા તથા શ્રી સંઘ એમનું ખરા હૃદયથી ખૂબ ખૂબ અનુમોદના કરે છે અને ભવિષ્યમાં પણ આગળ આવા સુકૃતો એમના હાથે થાય. આ સમ્યગજ્ઞાન બાળકો જ્યારે જીવનમાં ઉતારશે તો બનશે આપણા જિનશાસનની શાન. ખરેખર આ પરિવારનું ખૂબજ છે મોટું મહાદાન.

## જાહેર પ્રવચન શ્રી ક. દ. ઓ. જૈન માટે

તપચક્રવર્તી સંઘશિરછત્ર અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના શુભ આશિષે શ્રી ક.દ.ઓ.જી.વી.સી. જૈન સંઘ દ્વારા જાહેર પ્રવચનનું આયોજન કરવામાં આવેલ છે.

આ જાહેર પ્રવચન સાહિત્ય સમ્રાટ સૂરિમંત્ર ગુણોદય કૃપાપાત્ર પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ના ઘાટકોપર ચાતુર્માસ નિશ્રાએ જાહેર પ્રવચન રાખવામાં આવેલ છે.

**વિષય : નહિં જનમ એસો બારબાર**

**તારીખ :** રવિવાર, ૧૩-૦૮-૨૦૧૭

**સમય :** સવારના ૯.૦૦ થી ૧૦.૦૦ ક.

**સ્થળ :** શ્રી જીરાવલ્લા દેરાસર, દેરાસર લેન, ઘાટકોપર (ઈ) મધ્યે રાખવામાં આવેલ છે. સર્વે જ્ઞાતિજનો તથા શ્રી ક.દ.ઓ.જી.વી.સી. જૈન સંઘના સભ્યો તથા મેમ્બરોને જરૂરથી પધારવા વિનંતી.

UPASANA-9820167767

## દુનિયાનું સર્જન કરનારાને લાખ લાખ સલામ

વડોદરાના યુવા મિત્રોએ સ્કુલ, કોલેજના વિદ્યાર્થીઓ માટે સુંદર બક્ષીસ સમારંભનું આયોજન કર્યું હતું. જેમાં ગુજરાત રાજ્યના રમતગમત વિભાગના મંત્રી તેમજ કચ્છના પ્રભારી મંત્રી શ્રી રાજેન્દ્રભાઈ ત્રીવેદીની હાજરી નોંધપાત્ર હતી. તેમના હસ્તે પારિતોષિક અપાયા.

આ સમારંભમાં એક મોટીવેશન લીડર શ્રી રાજુભાઈ મણિયારે એક પ્રેરણાત્મક વાત કરી. એક વખત તેઓ એક કાર્યક્રમમાં હાજરી આપીને રેલ્વે પ્લેટફાર્મ પર દોઢ કલાક બેઠા હતા. ટાઈમપાસ માટે તેમણે એક દસ-બાર વર્ષના ભીખારી છોકરાને બોલાવ્યો અને તેને દસ રૂપીયા આપવાની ઑફર કરી. શરત એ હતી કે એક કલાક તેમનું પ્રવચન સાંભળે અને ભીખ માગવાનો ધંધો છોડીને સ્કુલમાં ભણે. જેનો ખર્ચ તેઓ ઉઠાવશે, એમ કહ્યું.

એ ભીખારી છોકરાએ તેમને એમ કહ્યું કે સાહેબ એક કલાક તમારી સાથે બગાડું એટલામાં તો હું સો રૂપીયા કમાવી લઈશ અને તમને ચા પિવડાવીશ. અને ખરેખર તેણે ચા પિવડાવી. એનો ધ્યેય જોઇને રાજુભાઈ પ્રભાવિત થઈ ગયા.

આવી જ એક હકિકત મારા ચેન્નાઈના મિત્રે મને સંભળાવી હતી જે એમના જ શબ્દોમાં વર્ણવું છું.

'હે સાહેબ, હે બેન કંઈક તો આપી દો, બે દિવસથી કંઈ ખાધું નથી' કદાચ આ પંક્તિ તો ઊંઘમાં પણ તેના મ્હોમાંથી નીકળતી હશે. આ પાંચ વર્ષનું બાળક વધારે પડતા ટ્રાફિકવાળા સિગ્નલ પાસે આંટા ફેરા મારતું રહે છે. જે પણ રોડ પર લાલ લાઈટ લાગે છે. તેના કોમળ પગ તે તરફ દોડી જાય છે.

ક્યારેક - ક્યારેક તો ઝડપથી પસાર થતાં વાહનો તેને ટક્કર મારીને પાડી પણ દે છે. તે અમુક ઉઝરડા સાથે ફરી ઊભું થતું અને ફરી તે જ બૂમો લગાવતું, 'હે સાહેબજી...' ગતિમય વાહન ચાલકો એ રીતે ગાયબ થઈ જતા જાણે ભારત-પાકિસ્તાનની સરહદ પાર કરી રહ્યા હોય. આવા ફુલસ્પીડ વાહનોને ખરી ખોટી કહેતા કહેતા તે ફરી ભીખ માંગવા લાગતો અને જ્યારે 'ક્વાર્ટર' ખરીદવા જેટલા પૈસા મળી જતા ત્યારે તે દેશી દારૂની દુકાન તરફ દોડી જતો.

આ હતો જયાવેલ. એક ભટકતા પરિવારનો સભ્ય, જે છેવટે તામિલનાડુમાં સ્થાયી થઈ ગયો અને ભીખને પોતાની રોજગારીનું માધ્યમ બનાવી લીધું. પિતા દારૂના વ્યસનને કારણે જ ગુજરી ગયા હતા અને હવે માતાને પણ તેની લત લાગી ગઈ હતી, તેની ચારેય બહેનો તથા ભાઈ ચેન્નાઈના ટી નગર સ્થિત આ વ્યસ્ત ટ્રાફિક સિગ્નલ પર ભીખ માંગતા હતા.

તેને ન તો ક્યારેય પોતાના વાળ કપાવ્યા હતા કે ન તો પોતાના શર્ટ કે ચડ્ડી બદલ્યાં હતા. કારણ કે તેની માતાનું માનવું હતું કે, ભીખ માંગવામાં સફળતા પૂરી રીતે એ વાત પર નિર્ભર છે કે, તમે તમારા દેખાવથી કેટલી સહાનુભૂતિ પેદા કરવામાં સફળ થાવ છો.

સૌભ્યાગ્યની વાત છે કે, સ્કુલે જવાની ઉમરની ઠીક પહેલા જ્યાવેલા, 'સિરાગુ' (ગુજરાતીમાં 'પાંખ') નામના એનજીઓ ચલાવનારી ઉમાને મળ્યો. ઉમા બાળમજૂરોની જાણકારી મેળવી તેમને સ્કૂલે મોકલવામાં મદદ કરે છે.

જ્યાવેલ એવા પરિવારમાંથી હતો, જ્યાં તેની જિંદગી ખાવા-પિવાની આજુબાજુ જ ફરતી હતી. એટલે સ્કૂલના વાતાવરણથી જ્યાવેલ રોમાંચિત થઈ ગયો અને તેને પોતાની ભીખ માંગવાની જગ્યાએ સિવાય બહારની દુનિયાનો પરિચય મળ્યો.

પહેલી વખત તેને વાળ કપાવવાનો જૂતાં-મોજાં, યુનિફોર્મ પહેરવાનો, સારા ભોજન અને પુસ્તકો મેળવવાનો અનુભવ થયો, જેનાથી તે ખૂબ જ ખુશ રહેવા લાગ્યો. પછી જ્યાવેલને તેની માતાએ ઉમાથી સંતાડી દીધો અને ભીખ માંગવા મોકલી દીધો, પરંતુ જ્યારે પણ તે નશામાં હોતો ત્યારે તે દોડીને સ્કૂલે પહોંચી જતો. સમય વિતતો ગયો અને પછી તેનો નાનો ભાઈ પણ તેની સાથે આવી ગયો.

જ્યાવેલે ઘરે જવાનું છોડી દીધું અને ધીમે-ધીમે તે સપ્તાહમાં એકવાર માતાને મળવા સિગ્નલ પર જવા લાગ્યો. પછી આ મુલાકાત મહિનામાં એકવાર થવા લાગી. ભલે પોતાની માતાને મળવામાં તે નિયમિત રહ્યો હોય, પરંતુ પોતાના શિક્ષણમાં તેણે જરાયે બેદરકારી વર્તી નથી. તેણે ૧૦મું ધોરણ પાસ કર્યું. પછી ૧૨મું તે ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજીમાં હોશિયાર હતો.

એનજીઓ 'સિરાગુ'એ તેને શિક્ષણ લોન આપવાની ઓફર કરી. અને તેણે લંડનની યુનિવર્સિટીમાંથી કોર્સ પૂરો


ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)
મો. 098225 30391 મો. 088057 55551
યુ. કે. ખીમજી એન્ડ કું. હળદર - જનરલ વ્યાપારી
વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.

કલા - કસબ અને કલરનો અનોખો સમન્વય
જ્યોતિ સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / રવિવારે બંધ Sunday Closed
Originally at Zaveri Bazar since 1976

કર્યો. તે એવી કારની શોધમાં લાગ્યો છે, જે પેટ્રો બળતણ કે સૌર ઊર્જાની જગ્યાએ પૈંડા પર ફરવાથી પેદા થતી કાઈનેટિક એનર્જીથી ચાલી શકે. તેની શોધ એડવાન્સ સ્ટેજ પર હોવાથી ઈટાલીની ટોચની રેંકિંગવાળી ટોરિનો યુનિવર્સિટીએ તેને પોસ્ટ ગ્રેજ્યુએશન માટે ૧૦૦ ટકા મદદ આપવાની ઓફર આપી છે. હવે તેનું સપનું જલદીથી અનુસ્નાતક શિક્ષણ પુરૂં કરી નોકરી કરવાનુ અને મકાનની વ્યવસ્થા કરવાનું છે જેથી તે પોતાની માતાને ફૂટપાથના વાતાવરણમાંથી કાઢી ઘરની સુરક્ષામાં લાવી શકે.

મને એ સવાલ થાય છે કે અત્યારની પરિસ્થિતિમાં આપણી પાસે બધા સાધનો ઉપલબ્ધ છે છતાં આપણા સંતાનો આગળ ભણી શકતા નથી અથવા ભણવાની ઈચ્છા થતી નથી. પાંચ દસ ટકાને જવા દો બાકી કેટલા ભણે છે ?

અને આવા ફુટપાથીયા છોકરાઓના ઘણા કિસ્સા છે કે તેઓ આગળ જઈ રહ્યા છે. એમાં ઈશ્વરનો જ સંકેત હોઈ શકે. દુનિયાનું સર્જ કરનારો ઝળકવા માટે પૂરતી તક આપે છે. તક દરેક વ્યક્તિના દરવાજે ટકોરા મારે છે તે હકિકત છે, આપણા ઉપર છે કે તેનો કેટલો લાભ લઈએ છીએ. કોઈની પણ જિંદગી કાયમ માટે તકલીફમાં રહેતી નથી તે ચોક્કસ પણે પુરવાર થાય છે. અદશ્ય શક્તિનો હાથ બધા ઉપર ફરે છે.

**– પ્રવિણ લોડાયા,** વડોદરા

**માનવજ્યોત ભુજ**

માનવજ્યોત પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ મુંબઈની પ્રેરણાથી માનવજ્યોત સંસ્થા ભુજ દ્વારા ભુજથી માત્ર ૬ કિ.મી.નાં અંતરે રૂપિયા દોઢ કરોડનાં ખર્ચે શ્રી રામદેવ સેવાશ્રમખુલ્લું મુકાયું છે. માનવમિત્ર શ્રી વલ્લભજીભાઈ શાહ, સમાજસેવક શ્રી કુલીનભાઈ લુઠીયા તથા ભુજના શ્રી પ્રબોધ મુનવરનાં પ્રયત્નોને સફળતા મળી છે.

અઢી એકર જમીન ઉપર આ સંકુલમાં માનસિક વિકલાંગ પુરૂષો માટે ૧૨ રૂમો, માનસિક દિવ્યાંગ મહિલાઓ માટે ૧૨ રૂમો, સ્ટાફ માટે ૬ રૂમો, હોસ્પીટલના ૩ રૂમો, ભોજનશાળા, અન્નભંડાર, રસોડું, ઓફિસ, કોમ્પ્યુટર રૂમ, અતિથિગૃહના પાંચ રૂમ, યોગા હૉલ, ફુવારો, ચબૂતરો, ગૌશાળા આકર્ષક મુખ્ય પ્રવેશ દ્વાર, ગાર્ડનનું આયોજન કરવામાં આવ્યું છે.

રસ્તે રઝળતા માનસિક દિવ્યાંગ વ્યક્તિઓને અહીં આશ્રમસ્થાને લાવી તેઓને સારી સારવાર આપી ઘર સુધી પહોંચાડવાનું કાર્ય ''માનવજ્યોત'' દ્વારા કરવામાં આવે છે. પ્રારંભે ૩૦ માનસિક દિવ્યાંગોને પ્રવેશ આપાયો હતો. જેમને અહીં સારી સારવાર આપી તેમનું ઘર શોધી આપવામાં આવશે. ભુજ-ખાવડા (રણોત્સવ) માર્ગે પાલારા ગામમધ્યે આશ્રમ શરૂ થયું છે.


## શ્રી જખૌ પાંજરાપોળ ટ્રસ્ટ અને ગૌશાળા

જખૌ, કચ્છ. પીન – ૩૭૦ ૬૪૦. ટ્રસ્ટ રજીસ્ટ્રેશન નં. E-302 (કચ્છ) PAN No. AAATS 9905 N

**જીવદયા સહાયતા માટે વિજ્ઞપ્તિ**

શ્રી જખૌ પાંજરાપોળ ટ્રસ્ટ અને ગૌશાળા વર્ષો થી પશુ સેવામાં પ્રવૃત્ત છે. ગાય, ભેંસ, વાછરડા, બળદ, પાડા, વૃદ્ધ, અશક્ત, બીમાર – કુલ ૧૭૪ ઢોર હાલમાં આશ્રય લઈ રહ્યા છે. તેમને ઘાસચારો, આહાર, દાણ, ડોક્ટરી સેવા, દવા, માવજત વગેરે નિયમિત પૂરી પડાય છે. ૮ કર્મચારીઓ ઢોરોની સેવામાં પ્રવૃત્ત છે.

ઘાસચારા તથા ખાધાખોરાકીના મોંઘા ભાવ તથા સારા પગાર ધોરણના કારણે માસિક રૂપિયા ૩ લાખ જેટલો ખર્ચ થાય છે, જે જીવદયા પ્રેમી ઉદારદિલ દાતાઓ, મહાજનો, સંઘો ટ્રસ્ટોના દાન સહયોગથી પુરૂં કરાય છે. તાજેતરના આર્થિક નિયમોના અમલના પરિણામે, સંસ્થાને મળતા દાનમાં રૂકાવટ વર્તાય છે. આગામી પવિત્ર પર્યુષણ પર્વના જીવદયાના કર્તવ્ય નિમિત્તે સર્વે દાતાઓ અને સંસ્થાઓનો ઉદાર સહયોગ તથા સહકાર મૂંગા પશુઓના આશીર્વાદ અને દુવા વર્તાવશે. સંસ્થાને અપાતું દાન **I. TAX** કલમ **80 G** મુજબ રાહતપાત્ર છે. સહકાર માટે વિનંતી. આભાર.

**જાણ કરવાથી દાન આપને ત્યાંથી રૂબરૂ લઈ જવામાં આવશે.**

લી.
**ટ્રસ્ટ બોર્ડ વતી, મેનેજીંગ ટ્રસ્ટી**
**મહેન્દ્ર દેવજી ખોના**
મુંબઈ – થાણા
મોબાઈલ – **09323917075**

**Banking Details :**
Name : **Sri Jakhau Panjrapol Trust & Gaushala.**

**Mumbai :**
Shri Arihant Co-op. Bank Ltd., Chinch Bandar Branch
A/c. # 004001000558 • IFSC : ICIC 00 ARIHT

**Naliya - Kutch :** Dena Bank, Naliya Branch, Kutch.
A/c. # 107110001096 • IFSC : BKDN 0331071

## કચ્છની વડીલોપાર્જિત મિલકતો પર સરકારની નજર?

હાલમાં આવેલ સમાચારો અનુસાર કચ્છમાં ગ્રામ્યકક્ષાએ આવેલી મિલકતોની પહેલી વખત મોજણીનું કાર્ય શરૂ થયેલ છે. ગામડાઓમાં નાનાં-મોટાં ઘર સહિતનાં બાંધકામની ગ્રામ પંચાયતના ચોપડાને બાદ કરતાં ક્યાંય કોઈ સત્તાવાર નોંધણી નહીં હોવાના કારણે થતા વાદ-વિવાદને ટાળવા અને કાયમી ધોરણે મિલકતધારકોને પોતાની મિલકતના આધારો મળે તેવા હેતુસર શહેરોની જેમ પ્રોપર્ટીકાર્ડ આપવા મિલકતોની માપણી શરૂ થઈ છે. પ્રોપર્ટી કાર્ડ બની ગયા પછી તેને આધાર સાથે લિન્ક કરી દેવાશે. ભવિષ્યમાં કચ્છની ગ્રામ્ય મિલકતોને ઓનલાઈન પણ કરી દેવાશે એમ મનાય છે. કચ્છની ખેતીવાડીની જમીન તો સરકારે ઓનલાઈન કરી જ દીધેલ છે. હાલના તબક્કે ૨૦૦૦ થી વધુ વસ્તીવાળાં ગામોમાં આ કાર્ય શરૂ થઈ ચૂકેલ છે.




કચ્છમાં આપણાં ભાઈઓની મોટાભાગની મિલકતો વડીલોપાર્જિત હોવાના કારણે ક્યાંય કોઈ વીલ, લેખિત દસ્તાવેજ કે અન્ય આધારો હોતા નથી. ગામોની તમામ મિલકતોની માપણી કરી હક્ક ચોકસીની કાર્યવાહી સરકાર દ્વારા પૂર્ણ થયા બાદ તમામ મિલકત ધારકોને પ્રોપર્ટીકાર્ડ આપવામાં આવશે. આના માટે મિલકતધારકે પોતાની મિલકત સર્વેયરને બતાવ્યા પછી માપણી થયા બાદ તમામને નોટિસો મોકલવામાં આવશે, જેમાં મિલકતના આધારો પણ મંગાવવામાં આવશે. જો વડીલોપાર્જિત હોય તો પણ જે આધારો ગ્રામ પંચાયત આકરણી રજિસ્ટર વગેરે ઉપરાંત જે વડીલોનાં ભૂતકાળનાં લખાણ, વીલ કે જે કોઈ પણ આધારો હશે તે માન્ય રાખવામાં આવશે, જેના આધારે હક્ક ચોક્સી આપી માન્યતા નક્કી કરવામાં આવશે.

આપણાં ઘણાં કુટુંબોમાં ખાસ કરીને અટક બાબતે ટેક્નીકલ વાંધા આવી શકે તેમ છે. કચ્છનાં જુના રેકર્ડોમાં ઘણી વખત અટકનો ઉલ્લેખ પણ નહોતો થતો. દા. ત. મારા પૂર્વજો લધાભાઈ દામજી નાગડા હતા અને એમને 'પટેલ'નો સિરપાવ મળતા પટેલને અટક તરીકે વાપરતા, હવે ચોથી પેઢીએ નાગડાની જગ્યાએ હવે પટેલ આવી ગયેલ છે. ઉપરાંત જુના લખાણોમાં તેમનું નામ લધા દામજી તરીકે જ છે. હવે એમનો આપણા કુટુંબ સાથેનો નાતો કઈ રીતે સાબિત કરવો?

આના માટે આપણે આપણાં જુના વસતીપત્રકોનો ચોક્કસથી ઉપયોગ કરી શકીએ. કાયદાકીય આધારો (Proofs) માટે આપણા જુના વસતીપત્રકોમાં આપણી બે-ત્રણ પેઢીનું રેફરન્સ ચોક્કસથી મળી શકે તેમ છે જે આપણા આજના કુટુમ્બની સાથે લિન્ક થઈ શકે. મને યાદ છે ત્યાં સુધી અગાઉ પણ આપણાં વસતીપત્રકોની માહિતીનો ઉપયોગ પોતાની ઓળખ માટે (Identity) આપણાં જ્ઞાતિભાઈઓ દ્વારા કરવામાં આવેલ છે.

આવા ભૂતકાળમાં રજુ કરાયેલ પુરાવા જે કોઈ કેસમાં માન્ય કરવામાં આવ્યા હોય તેની માહિતિ જ્ઞાતિજનોએ પ્રકાશ સમિક્ષાના માધ્યમથી બધા માટે પ્રસિધ્ધ કરીને જ્ઞાતિહિતનું કાર્ય કરવું જોઈએ. આના માટે કેસની માહિતિ તંત્રીને મોકલી આપવી. તંત્રી પોતે પણ કાયદાકીય નિષ્ણાત હોઈ તેમની નોંધ સાથે આવા પુરાવા પ્રકાશ સમક્ષિમાં પ્રસિધ્ધ કરી જ્ઞાતિબંધુઓની સેવા કરી શકશે. ઉપરાંત વસતીપત્રક સમિતિના કાર્યકરો પણ આમાં બધાની મદદ કરી શકે તેમ છે.

અગાઉ ભારતની કોઈપણ કોર્ટમાં આપણાં આવા વસતીપત્રકનો ઉપયોગ કરીને જીતવામાં આવેલ ચુકાદાનો રેફરન્સ આપીને આપણે આપણી કુટુંબની વસતીપત્રકમાં છપાયેલ માહિતિને કાયદાકીય આધારો (Proofs) તરીકે રજુ કરી શકીશું અને તેને માન્યતા પણ અપાવી શકીશું.

આપણા ઘણાં ભાઈઓ વર્ષોથી વતનમાં ગયા નથી પરંતુ આવી અનેક વડીલોપાર્જિત મિલકતો ત્યાં છે જેનો ખોટી રીતે કબજો જે લોકોએ કરેલ છે તેઓ તેમની હક્ક ચોક્સી કરાવી શકશે નહીં અને તે વખતે આપણી વર્ષો જુની મિલકતો ફરીથી આપણને મળે તેવી પરિસ્થિતિ કદાચ ઊભી થાય. તમને આવી મિલકતમાં કદાચ રસ ના હોય તો આવી મિલકતોનો કબજો લઈ તેને ગામની સામાજિક સંસ્થાઓને દાન આપી પૂણ્ય કમાવવાનો અવસર પણ છે.

અન્યથા આવી બધી મિલકતોપર સરકાર કબજો જમાવી અનામત જાતીઓ, પછાત, લઘુમતિ કોમને ખેરાતમાં આપશે.

– **નવીન પટેલ**, વડોદરા



આપને ત્યાંના શુભ પ્રસંગોને શોભાવવા ઢોલ તથા શરણાઈના જાણીતા અને માનીતા હાલારી ઢોલી

**સલીમ ભાઈ ઢોલી**
મો.: 093247 96076
093211 31232


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ
**અવસર સારીઝ**
* સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ
૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

### વંદન ઉપકારી મુનિરાજશ્રીને

પૂ. મુનિરાજશ્રી સર્વોદય સાગરજી મ.સા.ના કાળધર્મ પામ્યાના સમાચારોએ ગમગીન બનાવી દીધાં. હાલ તેલંગણાના નીઝામાબાદ શહેરના શ્રી વાસુપૂજ્ય સ્વામિ શ્વેતાંબર જૈન મંદિરના અર્ધશતાબ્દી મહોત્સવ, દર્શનીય જિન પ્રતિમા તેમજ ભવ્યાતિભવ્ય પરિકર પ્રતિષ્ઠા પ્રસંગે નીઝામાબાદ જૈન સંઘ વતી તેમના અગ્રગણ્ય મહિલા કાર્યકર શ્રીમતી વીણાબેન ઉત્તમચંદ શામજી મોતા (વારાપધર)ના રૂબરૂ આમંત્રણથી પંચાન્હિકા મહોત્સવે નીઝામાબાદ જવાનું થયું.

નિશ્રા પ.પૂ. મુનિરાજશ્રી સર્વોદય સાગરજી મ.સા.ની હતી. ચારેય ફિરકાયઓના સંઘની ઉપસ્થિતિથી માનવ મહેરામણ ઉમટ્યો. મુનિરાજશ્રીએ હૃદયના ઉછળતા ભાવે




જિન પ્રતિમા ઘડાવવા, ભરાવવા, બનાવવા તેમજ પ્રતિષ્ઠા કરાવવા જૈન કર્તવ્યની યાદ આપી અને લેથી તથા અનુપમ પુણ્યોની કથની કહી, ઉપદેશ સ્પર્શી ગયો અને પૂજ્યશ્રીના દીવ્ય આશિષથી જિન પ્રતિમાનો અનુપમ લાભ સપરિવાર સાંપડ્યો, ધન્ય બન્યા.

જિન પ્રતિમાના દર્શન વંદન અર્થે નીઝામાબાદ જવાનું પ્રયોજન થયા કરે છે. પરમ હિતકારી પૂ. મુનિરાજશ્રી સર્વોદય સાગરજી મ.સા.ને કેમ ભૂલાય ? કોટિ કોટિ વંદન...

**– કાંતિલાલ કેશવજી મોતા,** મુલુંડ

### કાંચીગુડા ખાતે ચાતુર્માસ પ્રવેશ



શ્રી અચલગચ્છ જૈન સંઘ કાંચીગુડા સંચાલિત શાંતિનાથ જિનેશ્વર ધામમાં સાધ્વી શ્રી સંયમગુણાશ્રીજી મ.સા. આદી ઠાણા ૪ નો ચાતુર્માસ પ્રવેશ થયો હતો.


|| શ્રી ચંદ્રપ્રભસ્વામિ નમો નમઃ ||

**શ્રી કચ્છ પરજાઉ જૈન મહાજન ટ્રસ્ટ ફંડ**

શ્રી કચ્છ પરજાઉ ગામવાસીઓ તથા નિયાણી બહેનોને સહ પરિવાર શ્રી પર્યુષણ મહાપર્વ પધારવા ભાવભર્યું આમંત્રણ.

**તા. ૧૮-૦૮-૨૦૧૭ થી ૨૮-૦૮-૨૦૧૭** સુધી સાધર્મિક ભક્તિ તથા રહેવાની વ્યવસ્થા પરજાઉ મહાજન તરફથી કરવામાં આવશે. આપ કઈ તારીખના પધારશો તેની જાણ કરશોજી.

નોંધ : (સાધર્મિક ભક્તિ, નવકારશી, ચોવિહારના દાતાશ્રી આવકાર્ય) ટ્રસ્ટીઓનો સંપર્ક સાધવા વિનંતી.

લી. **શ્રી કચ્છ પરજાઉ જૈન મહાજન ટ્રસ્ટ ફંડ વતી ગુલાબ ધનજી દંડ પ્રમુખશ્રી**

|| શ્રી ચિંતામણી પાર્શ્વનાથાય નમઃ || || શ્રી મહાકાલી પ્રસાદાત્ શ્રી મુખ હુજૂર || || જય જયશ્રી અનંતનાથ ||

**શ્રી જિનેન્દ્ર જ્યોર્તિધામ મંદિર**

શ્રી પુજ મહારાજ રોડ, ભુજપુર, કચ્છ - ૩૭૦ ૪૦૫

**શ્રી જિનેન્દ્ર જ્યોર્તિધામ મંદિર ખાતે અચલગચ્છના દેવી મહાકાલી મા ના ભક્તિ ઉત્સવે આમંત્રણ**

અચલગચ્છના દેવી **શ્રી મહાકાલી માની મહાપૂજા ભક્તિ** ઉત્સવ ૨૨મું વરસ ૨૦૭૩ આસો સુદ ૪ **રવિવાર,**તા. **૨૪-૯-૨૦૧૭ સવારે ૯ થી ૨ મુલુંડ કાલીદાસ નાટ્ય મંદિર, પુરૂષોત્તમ ખેરાજ રોડ, સૌ પધારવા આમંત્રણ.**

**નોંધ : સવારે ૮ થી ૧૧ પૂજન**
**૧૧ થી ૧૧.૩૦ પહેડી અલંકાર-ચુંદડી**
**૧૧.૩૦ થી ૧૧.૩૫ મહાઆરતી**
**૧૧ થી ૨ પ્રસાદ પહેડી**
**સાધર્મિક ભક્તિ, દર્શન-વંદન**

**૨૨ મા વરસના ભાગ્યશાળી પરિવારો**

| | |
|---|---|
| **માતુશ્રી ભાનુમતી બાબુભાઈ શાહ, અ.સૌ. પ્રવીણા રમેશ શાહ** | માંડવી-કોચીન |
| **માતુશ્રી ધનબાઈ રાયચંદ રતનશી કારાણી** | સુથરી-મુલુંડ |
| **માતુશ્રી નવલબાઈ નવીનચંદ્ર ધરમશી** | સુથરી-માટુંગા |
| **માતુશ્રી રતનબાઈ ત્રીકમજી રાયશી મોતા હ. પ્રફુલભાઈ** | સુથરી-મુલુંડ |
| **અ.સૌ. પુષ્પાબેન નવીનચંદ્ર ચાંપશી છેડા** | હમલા મંજલ-મુલુંડ |
| **શ્રી આણંદ પરિવાર, અ.સૌ. જ્યોતિબેન નરેન્દ્ર દંડ** | તેરા-મુલુંડ |
| **શ્રી લક્ષ્મીચંદ તથા ચાંપશી ભારમલ નાગડા પરિવાર** | રાપરગઢ - મુલુંડ |
| **શ્રી હરેશ જવેરચંદ માણેકજી પરબત મૈશેરી** | જખૌ-મલકાપુર |
| **શ્રી નારાણજી રતનશી લોડાયા, કુ. ઉર્વશી નીતીન નાગડા** | જખૌ-ડોંબિવલી |
| **શ્રી જયંતીલાલ વિસનજી હ. જયેશ** | સુથરી-ડોંબિવલી |

**ભક્તિ ઉત્સવ દર્શન-પ્રસાદ વ્યવસ્થા.**

**શ્રી મણીકાંત ધુલ્લા, શ્રી મુકેશ, શ્રી હંસકુમાર મૈશેરી, સર્વોદય મંડળ રહેશે**

સવારે ૧૦ થી ૨ શ્રી કિશોર મનરાજા હંસકુમાર અને મુકેશ મૈશેરી તથા કલાકારો માતાજીના ભક્તિગીતો રેલાવશે. માતાજીના દર્શન પૂજન ભક્તિગીતો કાલીદાસ હોલમાં. પ્રસાદ, સાધર્મિક ભક્તિ મેરેજ હોલમાં. દર વરસની જેમ સમસ્ત ભાવિકોને મહાકાલી ઉત્સવ પૂજન-દર્શન-વંદન-પહેડી ભક્તિ સંગીતમાં પધારવા ૨૨મા વરસના દાતાઓ, મંદિર-ટ્રસ્ટથી આમંત્રણ.

**યતિ મોતીસાગરશ્રીજી મહારાજ આશીર્વાદ**

# પાતાળ સરસ્વતીના વહેણની કચ્છમાં ખોજ

લુપ્ત-ગુપ્ત વૈદિક સરસ્વતીની હિમાલય-કૈલાસ માનસરોવરથી ગુજરાતમાં કચ્છ અને પ્રભાર વિસ્તાર સુધીની અનેરી શોધ અને એના પરિણામ સ્વરૂપ બોધ અંગે એક પુસ્તક પ્રસિદ્ધ થયું છે. એના લેખક અને સંશોધક ડૉ. પી.એસ. ઠક્કર છે. ભારત સરકારના પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત અંતરિક્ષ ઉપયોગી કેન્દ્ર ઈસરોનાં અમદાવાદ મથક પર સંશોધક વિજ્ઞાની તરીકે ૩૬ વર્ષ સેવા બજાવ્યા બાદ નિવૃત્ત થયેલા ડૉ. પ્રભુલાલ ઠક્કર કચ્છીઓથી અજાણ્યા નથી. અવારનવાર એમના લખાણ અને ખાસ તો કચ્છના રણના ભૌગોલિક ફેરફાર સંબંધિત વિચારો કચ્છ અને ગુજરાતના અખબારોમાં પ્રસિદ્ધ થતા રહ્યા છે. ૨૦૧૦માં પાકિસ્તાનના સિંધ પ્રાંતમાં ભારે પૂર-વરસાદને લીધે સિંધુ નદીનાં પાણી કચ્છના રણમાં પ્રવેશીને આગળ વધી છેક નળ સરોવર સુધી ગયા હતા. એના પર પ્રકાશ પાડીને તેમણે ભલભલાને ચોંકાવી મૂક્યા હતા. તેમણે સરસ્વતીની ખોજ અભિયાન સાથે જોડાયેલા રહીને તેમજ વ્યક્તિગત રીતે સાડા ત્રણ દાયકા દરમ્યાન માનસરોવરથી કચ્છ સુધીની રખડપટ્ટી કરીને ઊંડો અભ્યાસ-સંશોધન કર્યા છે અને એના ફળસ્વરૂપે આ પુસ્તક લખ્યું છે. અને તેનું નામ છે ''વૈદિક સરસ્વતી નદી-શોધ તથા બોધ'' કોઈ ધ્યેય, ધૂન કે ઝનૂન મગજ પર સવાર હોય તો જ આવી ખોજ શક્ય બને. પ્રભુલાલભાઈમાં આ ત્રણેય લક્ષણો છે અને તે ભારતની વૈદિક સંશોધકોના પ્રયાસો સામેના રોષમાંથી ઉદ્‌ભવ્યા છે.

અખિલ ભારત ઇતિહાસ સંકલન યોજનાના મોભી હરિભાઉ વઝેએ આ સરસ્વતી શોધ વિષયક પુસ્તકની પ્રસ્તાવનામાં ઐતિહાસિક વિકૃતિઓના સચોટ દાખલા આપ્યા છે જેમ કે... આર્યો ભારતના વતની હતા જ નહીં, ભારતના મૂળ વતની પછાત હતા અને તે દ્રવિડ હતા, ભારત એક રાષ્ટ્ર નથી પરંતુ ઉપખંડ છે, સરસ્વતી નદી, કલ્પનાથી વિશેષ કાંઈ નથી, વેદો, પુરાણો કે બીજા ધર્મગ્રંથોમાં સરસ્વતી વિશે થયેલ ઉલ્લેખ બોગસ છે... પાંડવ અનાર્ય હતા અને કૃષ્ણ તો ભારતમાં આવેલી વિદેશી ટોળીઓના નેતા હતા... વિગેરે વિગેરે... આ બધું અંગ્રેજોએ પોતાનું શાસન ભારતમાં ટકી રહે એ માટે મેકોલે શિક્ષણ પદ્ધતિના માધ્યમથી કર્યું હતું.

આઝાદી પછીયે આ જ વિકૃત ઈતિહાસનો અભ્યાસ કરતાં આપણી બે પેઢી તૈયાર થઈ છે. તેમની વિચારધારા ભારતીય નહીં પણ ઈન્ડિયન છે. ભારત ઈન્ડિયા બની ગયું છે અને તે માત્ર ૬૯ વર્ષ જૂનું છે. તે પૂર્વેનું હજ્જારો વર્ષ જૂનું ભારત ક્યાં ગયું? આપણે એને ભૂલી ગયા. આપણા પૂર્વજોને ભૂલી ગયા. અને યાદ રહે કે જે લોકો પોતાના પૂર્વજોને ભૂલી જાય છે એ લોકો પોતાની સંસ્કૃતિ, ઈતિહાસ અને ધર્મનેય ભૂલી જાય છે અને અંતે રાષ્ટ્રનેય ભૂલી જાય છે. તેથી આપણા પૂર્વજોને યાદ કરીને ભારતીય ઈતિહાસનું યથાર્થ દર્શન કરાવવાનું અભિયાન બાબા સાહેબ (ઉમાકાંત કેશવા) આપટે સ્મારક સમિતિએ ઉપાડ્યું છે અને તેના એક ભાગરૂપે સરસ્વતી ખોજ વિષયક પુસ્તક પ્રકાશનમાં સરસ્વતી નદી શોધ સંસ્થાન, ગુજરાત અને અમદાવાદ સ્થિત મીડિયા સોસાયટીની સ્મારક સમિતિ સહભાગી બની છે.

જો કે સરસ્વતી નદીનો બિલકુલ સ્વીકાર જ નથી થયો એવું નથી. છેક ૧૮૭૪માં ભૂસ્તરશાસ્ત્રી સી.એફ. ઓલ્ડાહામે હરિયાણા અને પંજાબમાં લુપ્ત સરસ્વતીના પુરાવા આપવાનો પ્રયાસ કર્યો હતો. તે પછીના ૧૪૨ વર્ષમાં ઘણી શોધો થઈ છે. કેટલાયે ભૂસ્તરશાસ્ત્રીઓ અને ઈતિહાસકારોએ છૂટાછવાયા સંશોધનો કર્યા છે. સમયાંતરે સંશોધન માટેની નવી અને વૈજ્ઞાનિક અભિગમ સાથેની ટેકનિકોયે વિકસી છે તેથી લુપ્ત સરસ્વતી નદી એક સત્ય બનીને ઊભરી આવી છે. આજે કોઈ એના ઈન્કાર કરી શકે તેમ નથી પરંતુ આપણા વેદ તેમજ અન્ય ગ્રંથોમાં સરસ્વતીનો ઉલ્લેખ છે એ આ જ નદી છે એવું સૌ સ્વીકારતા નથી. આ દ્રષ્ટિએ ડૉ. ઠક્કરનું આ પુસ્તક સૌને જડબાતોડ જવાબરૂપ છે. તેમણે વેદ અને પુરાણોમાં અને વૈજ્ઞાનિક પુરાવાઓના આધારે સિધ્ધ કરવાનો પ્રયાસ કર્યો છે. અને છતાં એ પણ સ્વીકારવું છે કે હજુ ઘણું કરવાનું બાકી છે.

આ પુસ્તકના જુદા જુદા પ્રકરણોમાં ડોકિયું કરીએ તો તેમના કૈલાસથી કચ્છ સુધીના પ્રવાસો અને સંદર્ભગ્રંથોના વ્યાયક અભ્યાસનો ખ્યાલ આવી જાય છે. તેમણે અત્યાર સુધી સરસ્વતી નદી અંગેના જે કોઈ ઉલ્લેખો જ્યાં પણ થયા છે તેની નોંધ લેવાની સાથે સાથે અત્યાર સુધી કોણે કેટલી શોધ કરી છે એનો ખ્યાલ પણ આપ્યો છે. અન્ય સંશોધકો આવું ભાગ્યે જ કરતા હોય છે. ઋગ્વેદ, યજુર્વેદ તથા અથર્વવેદના શ્લોકોના આધારે સરસ્વતી નદીનું અસ્તિત્વ તથા તે સમયના તેના સ્થાનની નોંધ લીધી છે. ઉપરાંત રામાયણ, મહાભારત, બલરામયાત્રા, મનુસ્મૃતિ, પુરાણો, અન્ય ગ્રંથો તથા વર્તમાન સાહિત્યમાં પણ સરસ્વતી નદી અંગેના વર્ણનો તથા ભૂતકાળમાં તેના સ્થાન વિશેના સંદર્ભો મેળવ્યા છે. આ બધી માહિતીનો તેમણે ઉપગ્રહ પરથી લેવાયેલી તસ્વીરો સાથે મેળ ખાય છે તે કેટલાક કિસ્સામાં સિદ્ધ કરી બતાવ્યું છે. ટૂંકમાં સરસ્વતીના કિનારે આવેલા શહેરો કે વિસ્તારોનો પુરાણોમાં ઉલ્લેખ છે એની સાથે ઉપગ્રહ તસ્વીરો બંધ બેસે છે કે કેમ? જો બંધ બેસતી હોય તો કેટલે અંશે બેસે છે? જો બિલકુલ મેળ ન ખાતો હોય તો શું નદી લુપ્ત થઈ ગઈ? લુપ્ત કેમ થઈ? ધરતીકંપ કે પછી બીજી કોઈ કુદરતી આપત્તિ આવી હતી? આ બધા પ્રશ્નોના જવાબ શોધવા માટે ડૉ. ઠક્કરે વિસ્તૃત પ્રયાસ સાડા ત્રણ દાયકા દરમ્યાન કર્યો છે. કૈલાસ માનસરોવર સાઈઠ

વર્ષની ઉંભર વટાવ્યા પછીયે ત્રણ ત્રણ વાર ગયા છે અને સરસ્વતીનું ઉદ્‌ભવસ્થાન નિહાળ્યું છે. સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતમાં સરસ્વતીના પ્રવાહો પરના જે સ્થળોની તેમણે મુલાકાત લીધી હતી તેમાં લોથલ, નળ સરોવર, વિરમગામ, મોઢેરા, સિદ્ધપુર, ઊંઝા, વડનગર, ખાંભાવાળા, ખેરાડુ, મોકેશ્વર, દાંતીવાડા, ધાનેરા, પાટણ, તરણેતર, પ્રાચી, સોમનાથ, ગુપ્તપ્રયાગ, ક્રાંકચ, ઘાટવડનો સમાવેશ થાય છે. કચ્છમાં ખાસ તો રણમાં અલ્લાહબંધ તથા વીઘાકોટની મુલાકાત આખી ટીમ સાથે લીધી હતી. આ મુલાકાતમાં કેટલાક સ્થળે બોર કરીને એ જાણવાનોય પ્રવાસ કર્યો હતો કે ભૂગર્ભમાં જળભંડાર છે કે કેમ અને જો હોય તો સરસ્વતી છે કે કેમ એની ચકાસણી કરી હતી.

લુપ્ત સરસ્વતીની રણમાં શોધ ૨૦૧૨ના મે મહિનામાં આરંભાઈ હતી. ગુજરાત સરસ્વતી શોધ સંસ્થાનના પ્રણેતા રાજકોટના પ્રવીણકાકા મણિયાર, હરિભાઉ વઝે અને કચ્છ યુનિવર્સિટીના પ્રખ્યાત ભૂસ્તરશાસ્ત્રી પ્રો મહેશ ઠક્કરના નેજા હેઠળની ટીમે રણમાં અલ્લાહબંધનીયે મુલાકાત લીધી હતી. સ્થળ મુલાકાત વખતે લોકોને મળીને સરસ્વતી કે લુપ્ત નદી અંગે કોઈ જાણકારી હોય કે વાયકા હોય તો તે પણ જાણવાની કોશિશ તેમણે કરી હતી. દા.ત. કચ્છના પૂર્વ વિસ્તારમાં એકલ માતાના મંદિર પાસે કૂવામાં અખૂટ જળ વહે છે ત્યાં સુધી ગયા હતા. બનાસકાંઠાના થરાદ પાસે કોઈ નદી નથી પરંતુ ત્યાંના એક ભીંતચિત્રમાં જોઈ શકાય છે કે નાવમાં બેસીને નવાબના મહેમાનો ગામમાં આવે છે. ટૂંકમાં કહેવાનો સાર એ કે ડૉ. ઠક્કરે જબરદસ્ત કાર્ય કર્યું છે. ઉપગ્રહની હજારો તસ્વીરો જોઈને એમની આંખ ગરુડ જેવી હોય તેમ પાણીના પ્રવાહની રેખા ઓળખી કાઢે છે. તેમણે સૌથી મોટી વાત અને સંશોધન કર્યા છે તે ધરતીકંપ કે સુનામી વખતે થયેલી ઊથલપાથલો અને ભૂપરિવર્તનોની છે.

ખેર, પણ કચ્છમાં સરસ્વતીનું વહેણ જીવંત છે, તેના મજબૂત પુરાવાની વાત કરતાં શ્રી ઠક્કર કહે છે કે, પાકિસ્તાનના નબીસરથી કચ્છના ખડીર બેટ સુધી ૧૦૦ કિ.મી. લાંબી અને ૮૦૦ મીટર પહોળી નદી ઉપગ્રહમાં પકડાય છે. કચ્છના રણમાં સરસ્વતીનો પહેલો પ્રવાહ સુઈ ગામ નડાબેટ પાસે, બીજો ખડીરમાં મરૂડા-ટુક્કર પાસે પકડાય છે અને પછી ઢાળ છે જે છેલ્લા પ્રવાહ સ્વરૂપે અલ્લાહબંધ સુધી જાય છે. કાળાડુંગર પાછળ નરવીડી નામના સ્થળેથી મળેલા પાણીનું પૃથ્થકરણ કરાતાં જાણવા મળ્યું કે એ પાણી ૧૨ થી ૮૯ હજાર વર્ષ જૂનું છે.

ડૉ. ઠક્કર, કચ્છ એ સિંધુના પ્રદેશનો ભાગ છે તેના પુરાવા આપતાં કહે છે કે સિંધુના ઉદ્‌ગમસ્થાન નજીક જોવા મળતાં ઘુડખર કચ્છમાં પણ જોવા મળે છે. એ જ સૌથી મોટો પુરાવો છે. ઉપરાંત ત્યાંના એટલે કે તિબેટના રબારીઓ કચ્છના રબારીઓની જેમ કાળા ઊનના કપડાં પહેરે છે. અરે ગામના નામ અને કેટલાક રીતિરિવાજોમાં પણ સામ્યતા જોવા મળે છે. દીવાલ પણ છાણાં થાપવામાંયે સામ્યતા છે.

ફરી મૂળ મુદ્દા પર પાછા ફરીએ તો ચાર વર્ષ પહેલાં અલ્લાહબંધ નજીક બોર કરીને ધરતીના પેરાળમાંથી માટી-પાણી સહિતના કેટલાક નમૂના સંશોધનાર્થે લેવામાં આવ્યા છે તે કચ્છ યુનિવર્સિટીના ભૂસ્તર વિભાગમાં સલામત રીતે મુકાયેલા હતા. નમૂનાઓની તપાસ-પૃથક્કરણ શરૂઆતના તબક્કે નાણાંના અભાવે થઈ શક્યું નથી. હવે છેલ્લા અહેવાલ મળ્યા એ મુજબ કામકાજ પુનઃ શરૂ થઈ તસ્વીરોના આધારે જે ધારણાઓ બાંધવામાં આવી છે તે અંગેની વાસ્તવિકતા આ નમૂનાઓની તપાસ-સંશોધન પૂરું થયા પછી જ બહાર આવી શકશે.

– **કીર્તિ ખત્રી**, ‘જન્મભૂમિ’માંથી સાભા

## ... ક્યારેક?

આવ્યો મેઘ ફરી તેજ રફતાર,
લીધો સૌએ ફરી રાહત નો શ્વાસ
ત્યારે પણ, મનથી આપણે શું હરખાય ક્યારેક?
ભીંજાયા અને કોરા પણ થયા,
તેમાં તો જીવતરે પુરા થયા
ત્યારે પણ, પલળવા મન શું લલચાયા ક્યારેક?
ચોમાસા તો આવ્યા ને કંઈક ગયા,
કામ તેનું એ કરતા ગયા
ત્યારે પણ, આભાર માનવા શું પ્રેરાયા ક્યારેક?
નદિઓ ને નાળા ભરાયા,
ઊભરાયા ડેમ અને તળાવ
ત્યારે પણ, નેણ જરીકે શું છલકાયા ક્યારેક?
અરે છોડો, બીજું કઈ નહીં તો,
જ્યારે, ગગન ગરજે, નભ વરસે,
થાય વસુંધરા રસાતાળ
ત્યારે પણ, વરસતી જળધાર નીરખવા શું રોકાયા ક્યારેક?

– **જ્ઞાનેશ જયચંદ લાપસીયા** (મુલુન્ડ-ચેકનાકા)


**૭મી પુણ્યતિથીએ શ્રધ્ધાંજલિ**



**માતુશ્રી જમકુબાઈ લાલજી પટેલ**
**(પટલાણી મા)** સાંધવ - મુલુંડ
સ્વ. તા. ૦૭/૦૮/૨૦૧૦

**ધર્મ આરાધના થકી તમારા જીવન પથને અજવાળ્યો**
**સંસ્કારોના સિંચન થકી અમારા જીવન બાગને મહેંકાવ્યો.**
**વારસો તમારો દિપાવીએ એવા આશિષ સદા વરસાવો...**
**લી. આપને હરઘડી યાદ કરનાર**
પુત્ર-પુત્રવધુ : **ગ.સ્વ. વિમલાબેન ઠાકરશી પટેલ**
**અ.સૌ. વિજયા ગોવિંદજી પટેલ** તથા **સમસ્ત પટેલ પરિવાર**

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સમાજ કેળવણી ઉત્કર્ષ ટ્રસ્ટ સંચાલિત
## શ્રી કાનજી ભાણજી મોતા, અને શ્રી દેવકાબાઈ કાનજી મોતા, તેરાવાલા

### દાતાઓ તરફથી એપ્રિલ-૧૬ થી માર્ચ-૧૭ સુધી મળેલ શાળા ફી - પુસ્તક સહાયભેટ

| નં. | દાતાશ્રીનું નામ | રકમ | કુલ રકમ |
|---|---|---|---|
| | ખોના ડ્રગ એજન્સી, શ્રી વીરચંદ લાલજી ખોના તથા શ્રી મોતીચંદ લાલજી ખોના પરિવાર કાયમી અનામત ફંડ પેટે જેનું વાર્ષિક વ્યાજ ફી સહાય અર્થે વાપરવાની શરતે | ૭૦૦૦૦૦ | |
| | **બાયઠ** | | |
| ૧) | શ્રી મુલજીભાઈ નરશી પોલડીયા (બાયઠ - વડાલા) | ૧૫૦૦૦ | ૧૫૦૦૦ |
| | **બાંઢીયા** | | |
| ૧) | દલાલ હીરજી શીવજી એન્ડ કું. હસ્તે શ્રી પરેશભાઈ (બાંઢીયા - મુલુંડ) | ૨૫૦૦ | ૨૫૦૦ |
| | **દલતુંગી** | | |
| ૧) | વિજયાલક્ષ્મી ટ્રાન્સપોર્ટ કેરીયર હસ્તે શ્રી કિરણભાઈ લાપસીયા | ૭૫૦૦ | ૭૫૦૦ |
| | **ગોધરા** | | |
| ૧) | શ્રી પ્રવિણ ખેતશી કુરૂવા, (પુના - ગોધરા) | ૫૧૦૦૦ | ૫૧૦૦૦ |
| | **જખૌ** | | |
| ૧) | હેમંત સર્જીકલ ઇન્ડસ્ટ્રીસ લિ. હસ્તે શ્રી હંસકુમાર શીયાલ (જખૌ) | ૫૧૦૦૦ | |
| ૨) | કાંતી કરમશી એન્ડ કું. હસ્તે શ્રી કાંતીલાલભાઈ (જખૌ - મલબાર હીલ) | ૨૦૦૦૦ | |
| ૩) | અક્ષયપાત્ર હસ્તે શ્રી પ્રતાપભાઈ ધુલ્લા (જખૌ - મુલુંડ) | ૧૫૦૦૦ | |
| ૪) | માતુશ્રી મણીબેન ચીમનલાલ જેઠાભાઈ વર્ધમાન હસ્તે શ્રી હીરાચંદ આણંદજી વર્ધમાન પરિવાર (જખૌ - હાજીઅલી) | ૧૫૦૦૦ | |
| ૫) | શ્રીમતી કાશ્મિરાબેન પરેશભાઈ નાગડા (જખૌ - મુલુંડ) | ૧૧૦૦૦ | |
| ૬) | માતુશ્રી પ્રેમાબાઈ લધાભાઈ મહેશ્વરી હસ્તે શ્રી નેણશીભાઈ મહેશ્વરી (જખૌ - મુલુંડ) | ૭૫૦૦ | |
| ૭) | શ્રી કિશોરભાઈ ખીમજીભાઈ ખોના (જખૌ - મુલુંડ) | ૪૦૦૦ | ૧૨૩૫૦૦ |
| | **મંજલ** | | |
| ૧) | વિહાન દંડ (મંજલ) | ૫૦૦૦૦ | |
| ૨) | માતુશ્રી દમયંતીબેન કાંતિલાલ દંડ (મંજલ - મુલુંડ) હસ્તે શ્રી વિજયભાઈ દંડ | ૧૫૦૦૦ | |
| ૩) | શ્રી સુશીલભાઈ લહેરચંદ લોડાયા (માટુંગા - મંજલ) | ૧૫૦૦૦ | ૮૦૦૦૦ |
| | **રાપરગઢવારી** | | |
| ૧) | શ્રી પુનશીભાઈ લોડાયા (રાપર - ઘાટકોપર) | ૧૧૦૦૦ | ૧૧૦૦૦ |
| | **મોટીધ્રુફી** | | |
| ૧) | શ્રી રૂપેશ મોતીચંદભાઈ લાલજી ખોના (મુલુંડ - નલીયા - મોટીધ્રુફી) તથા સાંયરા ગામના વિદ્યાર્થીઓને દત્તક લઈ શૈક્ષણિક ભેટ | ૧૪૭૫૦ | ૧૪૭૫૦ |
| | **મોટી ખાવડી** | | |
| ૧) | શ્રીમતી ગૌમાબેન હેમરાજ લોડાયા (મોટી ખાવડી) હસ્તે કિંજલ બ્યુટી પાર્લર (ઘાટકોપર) | ૧૫૦૦૦ | ૧૫૦૦૦ |

| શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સમાજ કેળવણી ઉત્કર્ષ ટ્રસ્ટ સંચાલિત શ્રી કાનજી ભાણજી મોતા, અને શ્રી દેવકાબાઈ કાનજી મોતા, તેરાવાલા | | | |
|---|---|---|---|
| **નં.** | **દાતાશ્રીનું નામ** | **રકમ** | **કુલ રકમ** |
| | **નલીયા** | | |
| ૧) | શ્રી નરશીનાથ ચેરીટી ટ્રસ્ટ ફંડ – નલીયા તથા અન્ય ગામના વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય | ૩૦૦૦૦૦ | |
| ૨) | શ્રી ગોપાલદાસ અરોરા (દિલ્હી) હસ્તે : શ્રી મોતીચંદભાઈ ખોના (મુલુંડ) | ૩૫૦૦૦ | |
| ૩) | શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન (નલીયાવાસી) મુંબઈ ચેરીટેબલ ટ્રસ્ટ | ૨૫૦૦૦ | |
| ૪) | શ્રી નરશી શામજી ધરમશી (નલીયા – મુલુંડ) હસ્તે શ્રી લલીતભાઈ ધરમશી | ૨૧૦૦૦ | |
| ૫) | માતુશ્રી રમીલાબેન જયચંદ નાગડા (નલીયા – મુલુંડ) હસ્તે શ્રી રોપીનભાઈ નાગડા | ૨૧૦૦૦ | |
| ૬) | શ્રી જીતેન્દ્ર દેવશી ખોના (નલીયા – કોઈમ્બુતર) | ૧૫૦૦૦ | |
| ૭) | શ્રી પાર્શ્વનાથ કોર્પોરેશન (નલીયા – કોઈમ્બુતર) | ૧૫૦૦૦ | |
| ૮) | નમન ટ્રાવેલ્સ, હસ્તે શ્રી મનીષભાઈ ખોના (નલીયા – મઝગાંવ) | ૧૫૦૦૦ | |
| ૯) | શ્રીમતી સરલાબેન જયચંદભાઈ લોડાયા (નલીયા – ચેંબુર) | ૧૧૦૦૦ | |
| ૧૦) | માતુશ્રી જમકુબેન લાલજી ખોના (મુલુંડ – નલીયા) હસ્તે શ્રી મોતીચંદભાઈ ખોના | ૧૦૦૦૦ | |
| ૧૧) | શ્રીમતી સરલાબેન વીરચંદ ખોના (મુલુંડ – નલીયા) હસ્તે શ્રી મોતીચંદભાઈ ખોના | ૧૦૦૦૦ | |
| ૧૨) | માતુશ્રી હીરાબેન જયચંદ નાગડા (માટુંગા – નલીયા) | ૭૫૦૦ | |
| ૧૩) | માતુશ્રી જયાબેન ભવાનજી લોડાયા (નલીયા – માણાવદર) | ૫૫૫૫ | |
| ૧૪) | શ્રી ગીરીશભાઈ મોમાયા (નલીયા – બાંદ્રા) | ૫૦૦૦ | |
| ૧૫) | શ્રી મયંકભાઈ મોમાયા (નલીયા – બાંદ્રા) | ૫૦૦૦ | |
| ૧૬) | ફાઈબ્રોલ નોન – ઓઈકોનિક્સ પ્રા. લિ. (મુલુંડ) | ૫૦૦૦ | ૫૦૬૦૫૫ |
| | **નાની સિંધોડી** | | |
| ૧) | શ્રીમતી લક્ષ્મીબેન લલીતભાઈ મૈશેરી (ઘાટકોપર – નાની સિંધોડી) | ૩૮૮૯૮ | |
| ૨) | માતુશ્રી મંજુલાબેન દામજી મૈશેરી (નાની સિંધોડી) હસ્તે શ્રી પ્રફુલભાઈ અને ધર્મેશભાઈ (ઘાટકોપર) | ૧૧૦૦૦ | ૪૯૮૯૮ |
| | **નાની ખાવડી** | | |
| ૧) | શ્રી રૂપેશ મોતીચંદભાઈ લાલજી ખોના (મુલુંડ – નલીયા) નાની ખાવડી ગામના વિદ્યાર્થીઓને દત્તક લઈ શૈક્ષણિક ભેટ | ૨૦૦૦૦ | |
| ૨) | શ્રી રૂપેશ મોતીચંદભાઈ લાલજી ખોના (મુલુંડ – નલીયા) નાની ખાવડી ગામના વિદ્યાર્થીઓને દત્તક લઈ શૈક્ષણિક ભેટ | ૨૦૦૦૦ | |
| ૩) | શ્રી રૂપેશ મોતીચંદભાઈ લાલજી ખોના (મુલુંડ – નલીયા) નાની ખાવડી ગામના વિદ્યાર્થીઓને દત્તક લઈ શૈક્ષણિક ભેટ | ૧૬૭૦૦ | ૫૬૭૦૦ |
| | **રાયધણજર** | | |
| ૧) | માતુશ્રી રતનબેન કે. શાહ (મુલુંડ – રાયધણજર) | ૨૫૦૦૦ | ૨૫૦૦૦ |
| | **રવા** | | |
| ૧) | શ્રી કિરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા (રવા – ચેંબુર) | ૧૫૦૦૦ | ૧૫૦૦૦ |
| | **સાંધવ** | | |
| ૧) | શ્રી મણી માણેક ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે શ્રી ચાંપશીભાઈ શાહ | ૧૮૮૦૦૦ | ૧૮૮૦૦૦ |

| શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સમાજ કેળવણી ઉત્કર્ષ ટ્રસ્ટ સંચાલિત શ્રી કાનજી ભાણજી મોતા, અને શ્રી દેવકાબાઈ કાનજી મોતા, તેરાવાલા | | | |
|---|---|---|---|
| **નં.** | **દાતાશ્રીનું નામ** | **રકમ** | **કુલ રકમ** |
| | **સાંધાણ** | | |
| | માતુશ્રી ખમાબાઈ ડાહ્યાભાઈ ખીમજી ધુલ્લા, હસ્તે શ્રીમતી સાધનાબેન (વડાલા - સાંધાણ) | ૧૫૦૦૦ | ૧૫૦૦૦ |
| | **સુજાપુર** | | |
| ૧) | શ્રી મનિષભાઈ એચ. શાહ (વડાલા) | ૧૧૫૦૦ | |
| ૨) | શ્રીમતી મીનાબેન એમ. શાહ (વડાલા) | ૧૧૮૫૦ | ૨૩૩૫૦ |
| | **તેરા** | | |
| ૧) | જીરાવલ્લા પાર્શ્વનાથજી જૈન દેરાસર ટ્રસ્ટ (તેરા) | ૮૦૦૦૦ | |
| ૨) | માતુશ્રી મધુબેન કુલીનકાંત નાગડા, હસ્તે શ્રી કેતનભાઈ નાગડા (તેરા - નાંદેડ) | ૨૧૦૦૦ | ૧૦૧૦૦૦ |
| | **વાંકુ** | | |
| ૧) | માતુશ્રી નેણબાઈ દેવશી લોડાયા (મુલુંડ - વાંકુ) | ૭૫૦૦ | |
| ૨) | માતુશ્રી સોનબાઈ ત્રીકમજી વીરજી સોની (વાંકુ - વડાલા) | ૬૦૦૦ | |
| ૩) | શ્રી દામજી નરશી સોની પરિવાર (વાંકુ - મુલુંડ) | ૫૦૦૦ | ૧૮૫૦૦ |
| | **વરાડીયા** | | |
| ૧) | શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (વરાડીયા - માટુંગા) | ૧૫૦૦૦ | |
| ૨) | માતુશ્રી સુમતીબેન સોમચંદ દંડ (વરાડીયા - વડાલા) હસ્તે શ્રી અશોકભાઈ સોમચંદ દંડ | ૧૨૪૦૦ | ૨૭૪૦૦ |
| | **જનરલ ફંડ** | | |
| ૧) | શ્રી હરીશભાઈ ચાંપશીભાઈ પાલાણી અને શ્રી કિરણભાઈ ચાંપશીભાઈ પાલાણી (કોઠારા - ચુનાભટ્ટી) | ૨૦૦૦૦૦ | |
| ૨) | શ્રી રાજેશભાઈ પ્રેમજીભાઈ શાહ | ૧૦૬૦૬૦ | |
| ૩) | એચ.ડી.ફાયર પ્રોટેક્ટ પ્રા. લિ. હસ્તે માતુશ્રી કસ્તુરીબેન વસનજી ધરમશી અને માતુશ્રી રતનબેન નરશી ધરમશી (સુથરી - મુલુંડ) | ૧૦૦૦૦૦ | |
| ૪) | માતુશ્રી ભમલબેન પદમશી પીર (સુથરી / ડોંબિવલી) હસ્તે શ્રી વસંતભાઈ અને શ્રી કુલીનભાઈ | ૫૧૦૦૦ | |
| ૫) | શ્રી કે.ડી.ઓ. મંડળ (ડોંબિવલી) | ૩૧૦૦૦ | |
| ૬) | શ્રી યશોધનભાઈ રાયચંદભાઈ કારાણી હસ્તે શ્રી રાયચંદ રતનશી કારાણી પરિવાર (મુલુંડ) | ૨૫૦૦૦ | |
| ૭) | શ્રી દિપકભાઈ રાયચંદભાઈ કારાણી હ. શ્રી રાયચંદ રતનશી કારાણી પરિવાર, મુલુંડ | ૨૫૦૦૦ | |
| ૮) | શ્રી શ્રેણિક વીરચંદ મોમાયા | ૨૧૦૦૦ | |
| ૯) | શ્રીમતી જ્યોતિ શ્રેણિક મોમાયા | ૧૧૦૦૦ | |
| ૧૦) | કુમારી પૂજા શ્રેણિક મોમાયા | ૧૧૦૦૦ | |
| ૧૧) | કુમાર શ્રીપાલ શ્રેણિક મોમાયા | ૧૧૦૦૦ | |

| શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સમાજ કેળવણી ઉત્કર્ષ ટ્રસ્ટ સંચાલિત શ્રી કાનજી ભાણજી મોતા, અને શ્રી દેવકાબાઈ કાનજી મોતા, તેરાવાલા | | | |
|---|---|---|---|
| **નં.** | **દાતાશ્રીનું નામ** | **રકમ** | **કુલ રકમ** |
| ૧૨) | શ્રીમતી સ્નેહાબેન અશોકભાઈ મોતા (સુથરી - અંધેરી) હસ્તે શ્રી અશોકભાઈ મોતા | ૨૧૦૦૦ | |
| ૧૩) | શ્રી યુકે ખીમજી એન્ડ કું. હસ્તે શ્રી ઉત્તમભાઈ ખોના (સાંગલી) | ૨૦૦૦૦ | |
| ૧૪) | શ્રી શામજી નરશી દંડ (સાંધવ - મુલુંડ) | ૧૫૦૦૦ | |
| ૧૫) | કુમારી જીનીશા મુકેશ લોડાયા (કોઠારા - સાયન) | ૧૫૦૦૦ | |
| ૧૬) | શ્રીમતી કાંતાબેન મુલજી લોડાયા (દાદર - સાંધવ) | ૧૫૦૦૦ | |
| ૧૭) | સાંધવ રત્નશ્રી મુલજી આર. લોડાયા (દાદર - સાંધવ) | ૧૫૦૦૦ | |
| ૧૮) | શ્રી લક્ષ્મીચંદ ધારશી મોતા લાખણીયા | ૧૫૦૦૦ | |
| ૧૯) | શ્રીમતી દિવ્યાબેન જીતેન નાગડા (વડાલા - સુથરી) હસ્તે શ્રી જીતેનભાઈ નાગડા | ૧૫૦૦૦ | |
| ૨૦) | માતુશ્રી નવલબેન મંગલભાઈ ખોના (કોઠારા - મુલુંડ) હસ્તે મેઘકુમાર ખોના | ૧૫૦૦૦ | |
| ૨૧) | શ્રી ધીરેન્દ્ર આણંદજી ખોના ચેરીટેબલ મેમોરીયલ ટ્રસ્ટ, ગાંધીધામ હસ્તે શ્રી આણંદજી હીરજી ખોના પરિવાર (સાંધવ - ગાંધીધામ) | ૧૫૦૦૦ | |
| ૨૨) | માતુશ્રી પ્રેમાબાઈ લાલજી શામજી અજાણી (કોઠારા - મુલુંડ) | ૧૫૦૦૦ | |
| ૨૩) | માતુશ્રી ગંગાબાઈ લીલાધર નરશી મોમાયા (સાંયરા - માંટુગા) હસ્તે શ્રી વિજયભાઈ લીલાધર નરસી મોમાયા | ૧૧૦૦૦ | |
| ૨૪) | શ્રી જેઠાભાઈ ડુંગરશી ટ્રાન્સપોર્ટ કું., હસ્તે શ્રી કુલીનભાઈ (જખૌ - માટુંગા) | ૧૦૦૦૦ | |
| ૨૫) | શ્રી હિતેશભાઈ મણીકાંત ધરમશી (ઘાટકોપર - કોઠારા) | ૭૫૦૦ | |
| ૨૬) | શ્રી નિખીલભાઈ મણીકાંત ધરમશી (મુલુંડ - કોઠારા) | ૭૫૦૦ | |
| ૨૭) | શ્રી રાયચંદ દેવશી જીવાણી (ડોંબિવલી) | ૫૦૦૦ | |
| ૨૮) | શ્રી ગણપતરાય બી. મહેતા (મુલુંડ) | ૩૦૦૦ | |
| ૨૯) | લાપસીયા એન્ડ એસોસીએટસ (મુલુંડ) | ૫૦૧ | ૮૧૨૫૬૧ |
| | **કુલ ડોનેશન** | | **૨૧૫૮૭૧૪** |

શૈક્ષણિક વર્ષ ૨૦૧૬/૧૭ના ૩૫૨ વિદ્યાર્થીઓએ કુલ રૂા. ૪૩,૩૪,૨૦૩/- શાળા ફી સહાય અર્થે અરજીઓ કરેલ. સુથરી ગામના વિદ્યાર્થીઓને રૂા. ૩,૭૬,૬૪૧/- ફી સહાય શ્રી પદમશી લધુભાઈ સોનીએ, જુહુ ચેક દ્વારા ચુકવેલ છે. તેમજ રૂા. ૭,૦૦,૦૦૦/- સુધીના ફી સહાયના ચેક્સ શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસરજી ટેંપલ એન્ડ ઇટસ સાધારણ ફંડ્સ, મસ્જીદ બંદર દ્વારા ચુકવેલ છે.

ડોનેશન મેળવવામાં શ્રી મોતીચંદભાઈ લાલજી ખોના, નલીયા/મુલુંડનો સિંહફાળો છે, સંસ્થાના અધિકારીઓ તેમની ભૂરી ભૂરી અનુમોદના કરે છે.

મહાજનો અને દાતાઓને ફરી અપીલ કરીએ છીએ કે સંસ્થા તેની શૈક્ષણિક પ્રવૃતિ સરળતાથી પૂરી કરી શકે તે હેતુ સાથે આપશ્રી સંસ્થાને ડોનેશન મોકલાવી સહાય કરતા રહેશો.

સંસ્થા પ્રત્યે આજ રીતે સ્નેહ ભરેલું ઝરણું આપ સર્વે તરફથી સતત વહેતું રહે તેવી આજના દિને શુભેચ્છા. આ બદલ આપશ્રી દાતાઓનો ખૂબ ખૂબ આભાર અને ૠણ સ્વીકાર.

**સંસ્થાના ટ્રસ્ટીઓ તથા અધિકારીઓ**

### જૈન જગત : પાલીતાણા પર્વત પરના શિવ મંદિરનો વિવાદ : બંને પક્ષકારોની બેઠક

પાલીતાણાના શંત્રુજય પર્વત પર આવેલા નિલકંઠ મહાદેવ મંદિરના ટ્રસ્ટ બાબતે છેલ્લાં કેટલાંક સમયથી વિવાદ ચાલી રહ્યો છે. જેમાં શેઠ આણંદજી કલ્યાણજી પેઢી શંત્રુજય ડુંગર પરના તમામ ધર્મસ્થાનો તેમના નીચે હોવાનો દાવો કરી રહી છે. જ્યારે નિલકંઠ મહાદેવ મંદિરનું અલગ ટ્રસ્ટ હોઈ તેઓ પણ મંદિર બાબતે અલગ દાવો કરી રહ્યા છે.

હાલમાં મંદિરમાં મહંત તરીકે કાળુભારતી બાપુ છે. શ્રાવણ માસ શરૂ થતાં પોતે અનુષ્ઠાન કરવા માટે મંદિરમાં રહી રાતવાસો કરતાં હતાં. જેની સામે આ.ક. પેઢીએ વાંધો લઈ ડેપ્યુટી કલેક્ટર કચેરીમાં ફરિયાદ કરી હતી.

પેઢીનું કહેવું એમ છે કે ગિરિરાજ ઉપર રાતવાસો કરવા દેવાની મનાઈ છે. અને ગિરિરાજ પરનાં તમામ મંદિરોનો વહીવટ પેઢી દ્વારા થાય છે. જે અંગે પેઢી તરફથી ફરિયાદ થતાં પી.આઇ. માંજરીયાએ પર્વત પર જઇને મહંત કાળુભારતી બાપુને લઈ આવેલ હતાં. અને ડેપ્યુટી કલેક્ટર કચેરીએ લાવીને તેમને હાજર કરેલાં હતાં. વિશ્વ હિન્દુ પરિષદના આગેવાનો અને સંતો મહંતો આ સમયે હાજર હતાં તેમણે ડેપ્યુટી કલેક્ટર સમક્ષ નિલકંઠ મહાદેવ મંદિરના ટ્રસ્ટની સમગ્ર માહિતી રજૂ કરેલ હતી.

વિહિપના ભરત રાઠોડના જણાવ્યા મુજબ નિલકંઠ મહાદેવ મંદિર ધર્માદા ટ્રસ્ટ સરકારી ટ્રસ્ટ છે અને તેના પૂજારીની નિમણૂંક સરકાર તરફથી કરવામાં આવતી હતી. સરકાર તેનો પગાર ચુકવતી હતી. છેલ્લે પૂજારીના મૃત્યુ બાદ યેનકેન પ્રકારે સરકાર દ્વારા કોઈ નવા પૂજારીની નિમણૂંક થઈ નથી. આખરે શિવ મંદિર પૂજા અર્ચના વગરનું ન રહે તે માટે ત્યાં મહંત કાળુભારતી બાપુ શિવાલયનું ધ્યાન રાખે છે. જેમને સરકાર પુજારી તરીકે નિમણૂંક આપે તેવી ઘણી વખત રજુઆતો થઈ છે.

આ વિવાદનું સુઃખદ સમાધાન લાવવા સંબંધિત પથકારો પ્રયાસો કરી રહ્યા છે. આ વાદ વિવાદનો નિવારણ લાવવા માટે પ્રાંત કચેરી ખાતે વધુ એક વખત શેઠ આણંદજી કલ્યાણજી પેઢી અને વિહિપના આગેવાનો વચ્ચે પ્રાંત અધિકારીની હાજરીમાં બેઠક મળશે.

– ''**જન્મભૂમિ**'' માંથી સાભાર


## જગ્યા વેચવાની છે

**નલિયા (કચ્છ) નાગડા ફરીયામાં ૬૦૦-૬૫૦ વાર** મોકાની જગ્યા વેચવાની છે. રસ ધરાવતી વ્યક્તિઓએ સંપર્ક કરવો. મોબાઈલ : **08128680444**



**ખામગાંવ દેરાસર – ધ્વજા**

ખામગાંવ દેરાસરની ૧૨૫ ધ્વજા ૧૩-૮-૧૭ના ઘાટકોપર (ઈસ્ટ) દેરાસર ખાતે પૂ. વિજયપુર્ણશ્રીજી મ.સા.ની નિશ્રામાં સવારે ૯ થી ૧૦. સર્વે ખામગાંવવાસીઓને લાભ લેવા વિનંતી.


**રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી, ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી તેમજ એક્સક્લુઝીવ ડ્રેસ માટે**

**Since 1982...**

**Lagna Deep**



બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ, મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
**Mob.: 7666688881 / 7666622229**


## પાસ થયા અભિનંદન

**નોંધ :** જ્ઞાતિના S.S.C. કે તેથી ઉચ્ચ પરીક્ષામાં પાસ થનાર સૌના પરિણામ અને ફોટા આ કૉલમમાં બ્લૅક ઍન્ડ વ્હાઈટમાં વિના મૂલ્યે છપાય છે.




**હેમિના ચંદ્રકાંત મૈશેરી**
જખૌ – ડોંબિવલી
**C.A.**



**કરિશ્મા હર્ષદ લોડાયા**
મલકાપુર (સુથરી)
M.C.A. II Year
(Grade) **8.560**



**જૈનમ મેહુલ મોતા**
રાપર ગઢવારી – ગાંધીધામ
S.S.C. (C.B.S.E.)
**93.10%**



**નિશ્ચય ચેતન શાહ**
B.E. (Comp. Sc.)
CGPA **8.63**



**મીર પીયુષ શાહ (મોતા)**
તેરા – મુલુંડ
Dip. In Computer Tech.
**85.47**

# દર્દ અને દવા

- સૌંદર્યા નસીમ

(કાબુલમાં જન્મેલી સૌંદર્યા નસીમ પોતાના પિતાની શોધમાં ભારત આવી છે અને ઈગ્નુમાં પોષણ અને સમાજ વિજ્ઞાનમાં અભ્યાસ કરી પોતાનું હેલ્થ કેયર ક્લિનિક ચલાવે છે. આ લખાણ એમની ફેસબુક વૉલ પરથી સારવીને લીધું છે.)



બન્યું એવું કે અમે તાજમહેલના શહેર આગરાથી સ્હેજ જ આગળ વધ્યા હતા ને ખબર પડી કે અમારી ટ્રેન બગડી છે અને રિપેયર થતાં દોઢેક કલાક લાગશે. એક નાનકડા સ્ટેશન પર ટ્રેન ઊભી રહી. પગ છૂટા કરવા હું, અમ્મી અને અમારા સહાયક કલીમ સાથે પ્લેટફોર્મ પર ઊતરી. અમ્મીને ચાલવાની ઈચ્છા નહોતી એટલે એક બાંકડા ઉપર બેસી ગયાં. હું પ્લેટફોર્મના બીજા છેડે એક ફળની લારી પર કેળાં લેતી હતી એટલામાં કલીમને મારી બાજુ દોડતો જોયો. તે મને બૂમ પાડતો હતો. મેં પણ દોટ મૂકી. અમ્મીના બાંકડા પાસે અજબ નજારો હતો. ત્યાં બાંકડાની ફરતે લોફર જેવા હટ્ટા કટ્ટા પાંચ જણ હતા. તેઓ અમ્મીની આજુબાજુ ફરતા હતા અને ‘ક્યા પીસ હૈ મોનુ યાર!’ તેમ બોલતા હતા. મને જોઈને એક જણ આકાશ તરફ જોઈને બોલ્યો, ‘કમાલ હો ગયા યાર, દો દો પીસ!’ તેઓ અમારા ભણી જોતા નહોતા પણ નિશાન અમે જ હતા.

અમ્મી સ્હેજ હેબતાઈ ગયાં હતાં. અજાણ્યો વિસ્તાર હતો, અમારા સહાયકની પણ કંઈ બોલવાની હિંમત નહોતી ચાલતી. એ કંઈ બોલવા જાય તો પેલા લોકો એની ઠેકડી ઉડાડે, ‘તને શી તકલીફ છે? અમે તમને કંઈ નથી કહેતા, અમે અંદરો-અંદર પણ વાત ના કરીએ?’ અમ્મીએ મને ઈશારો કર્યો કે આપણે બોગીમાં જઈને બેસીએ, પણ આવા ટાણે પીછે હટ કરવાનું હું શીખી નહોતી.

અફગાનિસ્તાથી હિંદુસ્તાન આવતાં હું એટલી મુસીબતો વેઠી ચૂકી હતી કે હવે કપરા સંજોગોમાં બીક નામની વસ્તુ ક્યાં સંતાઈ જાય છે, ખબર નથી. હું તેમનો સામનો કરવાનો નિર્ધાર કરી ચૂકી હતી. મારો સહાયક કલીમ બીકને લીધે ધ્રૂજતો હતો. મેં એને ખખડાવ્યો કે આવી રીતે ડરવું હોય તો ફરી વાર મારી સાથે ના આવીશ. મેં પ્રેમથી એ લોકો જોડે વાત કરવાની કોશિશ કરી પણ એમ ધારીને કે હું એમની ભાષા નથી સમજતી, તેઓ ગાળો ભાંડવા લાગ્યા. જોતજોતામાં આજુબાજુ ટોળું ભેગું થઈ ગયું પણ કોઈએ વિરોધ કરવાની હિંમત દાખવી નહીં. વળી કલીમે એક બે જણને વચ્ચે પડવા વિનંતી કરી તો કહે કે એ બધા તો આ વિસ્તારના મવાલીઓ છે એમની સાથે પંગો ના લેવાય. હજી કંઈ ખાટુંમોળું થયું નથી તમે છાનામાના બોગીમાં જઈને બેસી જાઓ.

સારું હતું કે તેઓ દૂર ઊભા રહીને એલફેલ બોલી રહ્યા હતા. હું થોડી વાર ડર્યા વિના ઊભી રહી. પછી ધીમે ધીમે રહીને એ લોકો વચ્ચે પહોંચી અને સૌથી બળવાન દેખાતા માણસ સામે ઊભી રહી. જેવી એની બદનજર મારા પર પડી કે મારો હાથ ઊઠ્યો અને સટાક! એક જોરદાર તમાચો

*આંગણામાં આંબો ને પાદર પર પીપળો, આવે છે યાદ અહીં ફ્લેટમાં,*
*દાદા ઘૂંટાવતા એકડો ને બગડો, પકડાવી પેન મને સ્લેટમાં.*

એના ગાલ પર પડ્યો. કોઈને આનો અણસાર નહોતો. બધા સડક થઈ ગયા. પળવાર રહીને બાકીનામાંથી કોઈ મારી બાજુ ધસે તે પહેલાં એમણે જોયું કે તમાચો ખાધેલ માણસ બેભાન અવસ્થામાં ભોંયભેગો હતો. બધા અચરજમાં હતા કે એક જ તમાચામાં કોઈ બેભાન કેવી રીતે થઈ શકે ? એ બિચારાઓને ખબર નહોતી કે જે નમણી અને ભલીભોળી દેખાતી છોકરી જોડે તેમનો પનારો પડ્યો છે તે કરાટેની બ્લેક બેલ્ટ છે. મારી અમ્મી અને પોતાનું રક્ષણ કરવા આ કળા મેં હિંદુસ્તાન આવ્યા પછી હસ્તગત કરી લીધી હતી.

પછી મેં શાંતિથી મારી કાચીપાકી હિંદીમાં જણાવ્યું કે જેને મને અડકવાની ઈચ્છા હોય અને જેને લાગે છે કે તે મારો તમાચો ખમી શકશે તે સામે આવે. અત્યાર સુધીમાં એ લોકો સમજી ગયા હતા કે ચાર-પાંચ જણનો સામનો કરવા હું એકલી જ પૂરતી છું. હવે ટ્રેનમાંથી ઊતરેલા કેટલાક તમાશો જોનારાઓ બાંયો ચઢાવી મેદાને પડ્યા, પણ મેં બધાને ઠપકો આપીને રોક્યા, જ્યારે જરૂર હતી ત્યારે કોઈ સામે ના આવ્યા અને હવે બહાદુરીનું પ્રદર્શન કરવા માંગો છો ! એટલામાં પેલા પાંચમાંથી એકે સ્ટેશનની બહાર દોટ મૂકી.

પછી મેં નીચે જોયું તો બેભાન માણસને પડવાને લીધે માથામાં વાગ્યું હતું. સ્હેજ લોહી પણ નીકળતું હતું. મે કલીમને બોગીમાંથી દવાની કીટ લાવવા જણાવ્યું અને બેભાન માણસ પર પાણી છાંટવા લાગી. લોકોને અલબત્ત અજીબ લાગતું હતું કે જેણે જખ્મ આપ્યા હતા તે હવે દવા કરી રહી છે. પણ આ સંસ્કાર હું હિંદુસ્તાન આવીને શીખી હતી. પોતાના રક્ષણ કાજે હું કોઈ પર હાથ ઉગામી શકું છું પણ નફરત કરવાની જરૂર મને જણાતી નથી. માણસ હવે હોશમાં હતો. તેને માથામાં સહેજ વાગ્યું હતું. તેની મેં પાટાપિંડી કરી. એ માણસની દશા જોવા જેવી હતી. એ ભોંઠો પડ્યો હતો. એટલામાં કેટલાક લોકો બૂમો પાડતા અને હાથોમાં લાકડીઓ લઈને આવતા દેખાયા. તેમાં બે બહેનો પણ હતાં. એકે કહ્યું કે કોને એના ભાઈ પર હાથ ઉગામવાની હિંમત કરી છે ? હું એની પાસે ગઈ. જ્યારે એને ખબર પડી કે આવું મેં કર્યું છે તો તેના અચરજનો પાર ન રહ્યો. એ બેનને હતું કે ભાઈનો ઝઘડો કોઈ પુરૂષ સાથે થયો છે. પણ અહીં તો મામલો ઊંધો હતો. ખાસી વાર સુધી તે મને અપલક જોતી રહી. માથું નમાવીને બેઠેલા ભાઈએ પણ હવે હાથ જોડી દીધા હતા અને પોતાની બહેનને શાંત રહેવા જણાવ્યું. એને પોતાની ભૂલ સમજાઈ હતી.

મેં એની બહેન તરફ હાથ લંબાવ્યો. તે મને ભેટી પડી. એણે કહ્યું કે આજે ખોટે રસ્તા ચાલતા એના ભાઈને પાઠ મળી ગયો છે. મેં બે હજારની નોટ કાઢીને બહેનના હાથમાં મૂકી. ‘યે દવા કે પૈસે હૈં રખિએ, જખ્મ મૈને દિયે હૈં તો દવા ભી મેરી તરફ સે.’ ત્યાં જ ટ્રેન ઊપડવાની સીટી વાગી. અમે બોગીમાં સવાર થયા. ગામ લોકો તરફ હાથ હલાવ્યો તો જોઈને ખુશી થઈ કે તેમણે પણ વળતા હાથ હલાવ્યા. ટ્રેન ચાલી તો લાગ્યું કે જિંદગીને એક નવી લહેર મળી.

સારું થયું કે ખોટું, ખબર નથી. બેનોને મારી ભલામણ છે કે તેઓએ પોતાનું રક્ષણ જાતે કરવાની હિંમત અને હુન્નર કેળવી લેવાં જોઈએ. એમાં પુરુષ-સમોવડી થવાની વાત નથી. સ્ત્રીએ સાચા અર્થમાં સ્ત્રી બનવાની જરૂર છે. મારી સમજણ છે કે સ્ત્રી અને પુરુષમાં કોઈ ચઢતું કે ઊતરતું નથી. જો આપણે આપણી ધરતીને જહન્નમનાં બી ને ખાતર-પાણી આપતાં રહીશું તો જન્નતના આસમાની ખયાલોનો શો મતલબ ?

- સૌંદર્યા નસીમ

ગુજરાતી રૂપાંતર - અશોક ભાર્ગવ

* * *

*ભાંભરતી ગાય ને વાછરડું કૂંદતું; દોહવાને દૂધ બેન આવતી;*
*આંબાની નીચે કાથીના ખાટલે; દાદીમા માખણ ખવડાવતી.*

# ભંડકિયું

- ગિરીશ ગણાત્રા



ભંડકીયાની ફરશ પર બધું વેરણછેરણ પડ્યું છે. કેટકેટલાયે પૂંઠાના બોક્સ, પ્લાસ્ટીકની બેગ, તૂટેલા દફ્તરો, દિવાળીના દિવસે ભેટમાં આવેલા મિઠાઈ કે બિસ્કિટોના પતરાની બેગોમાં ખડકાયેલી સામગ્રી, તૂટેલા સ્કેટીંગ શૂઝ, જૂની નોટબુક્સ, જૂના કપડાની સૂટકેસ, વાર્તાની રંગબેરંગી ચૂંથાયેલી ચોપડીઓ.... શું શું ગણાવું ? આ ચીજવસ્તુઓમાં મારા સંતાનના સોળ વર્ષનું શૈશવ-બચપણ સમાયેલું છે.

બારમા ધોરણની પરીક્ષા આપી પુત્ર તો ઉપડી ગયો ફરવા. મેં એને ઘણી વખત કહ્યું કે બેટા રિષભ, એક બપોર તો મારી સાથે ફાળવ. આપણે મા-દીકરો ભંડકિયું સાફ કરી દઈએ. એ વખતે રિષભ કહેતો, ‘મમ્મી, આખું વર્ષ વાંચવાની મજૂરી કરી છે. હવે તો થાક ખાવા દે. આ સાફસૂફી કરવાના કામનો મને કંટાળો આવે છે.’ જો કે રિષભની વાત ખોટી નહોતી. અગિયારમા ધોરણના વેકેશનથી જ એણે બારમાની તૈયારી આરંભી દીધેલી. એ વેકેશનમાં અમે ક્યાંય બહાર ફરવા ગયા નહિ. પ્રાયવેટ ટ્યુશન્સ, ગ્રુપ ટ્યુશન્સ, લેબોરેટરી અને કોચીંગ-ક્લાસના હોમવર્કમાં જ એનો એટલો સમય ચાલ્યો જતો કે એને રમવાનો પણ વખત ન મળતો. સવારે ઉઠીને લુસપુસ નાસ્તો કરી એ કોચીંગ ક્લાસમાં જતો. બે કલાકે પાછો આવી જમે પરવારે ત્યાં પ્રાયવેટ ટ્યુશન્સ શરૂ થાય. એમાંથી નવરો પડે કે લેબોરેટરીમાં પ્રેક્ટીકલ્સનો સમય માથે તોળાતો હોય. એમાંયે વેકેશન પછી શાળાઓ શરૂ થઈ કે એ સમયની તલવારના ધારે રહેતો. ઘણી વખત હું કહું કે દીકરા, થોડો આરામ તો કર. આખો દિવસ બસ, ભણ ભણ જ કરવાનું ? એ હસીને કહેતો, ‘મમ્મી, હું મહેનત નહિ કરું તો પપ્પાએ કરવી પડશે.’

એના પપ્પાએ મહેનત કરવાની ? મને સમજણ ન પડી. રિષભે મારા ખભા પકડી કહ્યું કે ‘મા, હું જો ઓછા માર્ક્સ લાવીશ તો એન્જિનિયરિંગ કોલેજમાં મારું એડમીશન મેળવવા પપ્પાએ બે-પાંચ લાખ રૂપિયા કેપીટેશન ફી આપવી પડશે. એટલા પૈસા કમાવવા પપ્પાએ વધુ મહેનત કરવાની. એનો ભાર હું ઉંચકી લઉં તો ?’ રિષભે આખું વર્ષ મહેનત કરી. હવે એની પરીક્ષા પૂરી થઈ ત્યારે મેં સાફસૂફીની વાત કરી ત્યારે એ બોલ્યો : ‘મમ્મી, હવે ઘરમાંયે કંટાળો આવે છે! આખું વર્ષ ચાર દિવાલની વચ્ચે ચોપડાઓની ગુફામાં ભરાઈને પડ્યો રહ્યો. હવે થાય છે કે ભાગી છૂટું અહીંથી. હું પંદર-વીસ દહાડા મામાને ત્યાં જઈ આવું.’ મારા પિયરના સંયુક્ત કુટુંબમાં મામાઓના દીકરાઓ જોડે મજા કરવા રિષભ ચાલ્યો ગયો. એમને ધંધાના કામે બહારગામ જવાનું હોવાથી અને પુત્રી ગોલુ એની બહેનપણીઓ જોડે સવારથી પીકનીકમાં ચાલી ગઈ એટલે બપોરના બાર પછી હું નવરી પડી. જૂનો ગાઉન પહેરી, જૂના કપડાના ટુકડા, ઝાડુ-સુપડી લઈ હું પહોંચી ગઈ ભંડકિયામાં.

ચાર જણાના બનેલા અમારા નાના પરિવાર માટે એક મજલાનું ચાર બેડરૂમવાળું ટેનામેન્ટ પૂરતું હતું. એ જ્યારે નોકરી કરતા ત્યારે પાઈ પાઈની બચત કરી એક સોસાયટીમાં આ ટેનામેન્ટ નોંધાવી લીધેલું. એ વખતે બાંધેલા પગારમાંથી હાઉસિંગ-લોનના માસિક હપ્તા ભરતા મારે કરકસરથી કેવી રીતે ઘર ચલાવવું પડતું એ તો અમે બન્ને જણા જાણીએ છીએ. હવે એને ધંધામાં સરખાઈ છે ત્યારે થોડી પૈસાની છૂટ હોવાથી ઘરમાં કોઈ

*એવું એવું તો ઘણું આવે છે યાદ મને; ખાવાનું ગમતું નથી પ્લેટમાં,*
*આંગણામાં આંબો ને પાદર પર પીપળો, આવે છે યાદ અહીં ફ્લેટમાં.*

વસ્તુ નકામી લાગે કે પતિ મજાકમાં કહેતા, 'ચાલો, હવે આને રવાના કરી દો વેસ્ટ પેપર બાસ્કેટમાં.' ટેનામેન્ટમાં રહેલા ભંડકિયાને મારા પતિદેવ મજાકમાં એને વેસ્ટ પેપર બાસ્કેટના નામથી સંબોધતા. લાકડાની પકડમાંથી છૂટી ગયેલા મિજાગરાવાળો જૂનો કબાટ ભરચક હતો તો નવું ફર્નિચર કરાવતી વેળા જૂના, તૂટેલા ફર્નિચરને આ ભંગારખાનામાં સ્થાન મળેલું. વર્ષો પહેલાંની, હવે સ્મૃતિમાંથી ભૂંસાઈ ગયેલી કેટકેટલીયે ચીજવસ્તુઓ અહીં પડી હતી. કોણ જાણે કેમ, એ કાઢી નાખતા, વેચી નાખતા મારો જીવ જરાયે ચાલતો નહિ. એ મને ઘણી વખત કહેતા કે તારા આ ભંડકિયામાંથી જો જૂની વસ્તુઓને વિદાય આપી દે તો મારે ગામમાં ગોડાઉન ભાડે રાખવું ન પડે.

કબાટના એક ખૂણામાં એક પોટલું પડ્યું હતું. મેં એને ખેંચીને બહાર કાઢ્યું, એ જોવા કે એમાં શું સચવાયું છે! મારી નવાઈ વચ્ચે રિષભના બાળોતિયા, ઘોડિયાની ખોઈ, ગોલુના એક ફૂટ લાંબા ફ્રોક, ચડ્ડીઓ, મોજા સચવાયેલા હતા! મને મારી મા યાદ આવી ગઈ. એ કહેતી કે ઘોડિયે સુતા છોકરાના બાળોતિયા સાચવી રાખવાથી છોકરાના આયુષ્યમાં વધારો થાય. આ સાચું છે કે ખોટું, એની મને ખબર નથી પણ મા હોવાને નાતે એ પોટલું મેં આજ દિન સુધી સાચવી રાખ્યું છે... ને... ને... હજુ પણ સાચવી રાખીશ. મેં એ કપડાની ફરીથી ઘડી કરી બાંધવાના કપડાની ધૂળ ખંખેરી ફરી એમાં ગોઠવી બાંધીને પોટલું ફરી એની મૂળ જગાએ મૂકી દીધું. એક ખૂણામાં ભંગાર જેવી હાલતમાં ટ્રાયસીકલ પડી હતી. કદાચ કોઈ કબાડી એના પંદર રૂપિયા પણ ન આપે એવી ખરાબ હાલતમાં હતી. પહેલા રિષભે અને પછી ગોલુએ એને ફેરવી ફેરવી એવી કરી નાખી હતી કે એ જરાયે ચલાવવા લાયક રહી જ નહોતી. હવે તો ગોલુ સ્કૂટી ફેરવે છે, રિષભને એનું પોતાનું બાઈક છે અને એમની પાસે કાર છે ત્યારે આ ટ્રાયસીકલ શું કામ અહીં પડી છે? મેં એને વેચી કેમ ન દીધી?

તેર વર્ષ પહેલાનું મારું સંસાર ચિત્ર મારી સામે ખડું થઈ ગયું.

એ વખતે હજુ એ નોકરી કરતા હતા. હાઉસિંગ લોનનો હપ્તો હજુ અમારા ગળામાં ઘંટીના પડની જેમ લટકતો હતો. એ વખતે રિષભે ટ્રાયસીકલ ખરીદવાની હઠ કરી. સોસાયટીના એના મિત્રો પાસે ટ્રાયસીકલ હોય તો રિષભને કેમ નહિ? પણ અમારી પાસે એવી મોંઘી ચીજ ખરીદવાના પૈસા ક્યાં હતા? દિવસે દિવસે રિષભની હઠ વધતી ગઈ અને હું હિસાબના ખર્ચની ડાયરીના પાના ફેરવતી ફેરવતી વધુ કરકસરના હિસાબો ગણતી રહી પણ ટ્રાયસીકલનો ખર્ચ એમાંથી કેમેય કરીને નીકળતો ન હતો. અચાનક મારી નજર આંગળી પર પડી. હું જ્યારે કોલેજના પહેલા વર્ષમાં આવી હતી ત્યારે મારી નવી નવી ભાભીએ એના હાથમાંથી સોનાની વીંટી કાઢી મારી આંગળીમાં પરોવતા કહ્યું,'બહેન, આજથી આ વીંટી તમારી. કોલેજમાં અડવા હાથે ન જવાય.' મારી ભાભીની એની નણંદને આ ભાવભરી ભેટ હતી. એ વખતે સોનાના ભાવ એટલા બધા ન હતા. આ વીંટીમાં મને રિષભની સાયકલ દેખાઈ.

બીજે દિવસે મેં રિષભને નવી નક્કોર ટ્રાયસીકલ લઈ આપી ત્યારે એ કેટલો ખુશખુશાલ બની ગયેલો? એ ખુશાલીની સામે વીંટીના કોઈ મોલ તોલે ન આવે. જો કે મારા પતિની અબરાક નજર મારી અડવી આંગળી અને ટ્રાયસીકલ પર પડી અને એ સમજી ગયા. એ દિવસે હું એની પાસે જુઠું બોલી હતી કે મારી પાસેની અંગત બચતમાંથી આ સાયકલ ખરીદાઈ હતી. ગોલુ બીજા ધોરણમાં આવી ત્યારે એનું દફ્તર ફાટી ગયેલું. મેં રિષભનું જૂનું દફ્તર આપ્યું ત્યારે એ ચિડાઈને બોલી હતી, 'મમ્મી, તું હંમેશાં મને ભાઈની જ જૂની જૂની વસ્તુઓ આપે છે. કંપાસ-બોક્સ, રબ્બર, અણી કાઢવાનો સંચો ને ભાઈના જૂના કેનવાસના શુઝ પણ. મારે બધું ભાઈનું ઉતરેલું જ વાપરવાનું? મારી બધી બહેનપણીઓ નવી નવી રંગબેરંગી પ્લાસ્ટીકની બેગો લઈને સ્કૂલે આવે છે. મને પણ એવી જ બેગ જોઈએ.'

*ઓકળીઓ પાડીને લીંપી - ગૂંપીને, બા ચોખ્ખું - ચણાક ઘર રાખતી,*
*આંગણામાં ઓટલી ગેરુથી રંગીને બેનો બે રંગોળી પૂરતી.*

એ દિવસે સાંજે હું ગોલું માટે સરસ મજાની બેગ લઈ આવી. અમારી ચડતીના દિવસોનો એ આરંભ હતો. કદાચ, પહેલી જ વખતે, ગોલુ માટે નહિ વપરાયેલી વસ્તુની આ ખરીદી હતી.

મેં એ બેગ ખોલી. એમાં એનું કુદવાનું દોરડું, રંગબેરંગી છાપ, ઘર ઘર રમવા માટે રમકડાનો નાનો સ્ટવ, સાણસી, ચીપીયા, તપેલી, રકાબી, ઝારો, વેલણ જેવી વસ્તુઓ હતી તો નદી કિનારેથી વીણાયેલા લીસ્સા રંગબેરંગી નાનકડા ગોળ પથ્થરો પણ હતા. બાળકો કેટલા પરિવર્તનશીલ હોય છે! મેચ-બોક્સ પરના ખોખાની છાપ, કોડી, ભમરડા, લખોટા, નાનકડા ફૂલ-રેકેટો કે અઢી ફૂટના ક્રિકેટના બેટ. એમની બદલાતી ઉંમર સાથે એમના શૈશવના ખજાનામાં કેટકેટલીયે નવી વસ્તુઓ ઉમેરાતી જાય. જે રમકડું ઊંઘમાયે પકડી રાખીને સુએ એની સામું પછીથી ન પણ જુએ. કોઈ મેળામાંથી ખરીદેલું માઉથ-ઓર્ગન હવે કાટ ખાઈને તૂટેલી હાલતમાં કોઈ ખુણામાં પડ્યું છે તો હોળીના રંગથી રંગાયેલા ટી-શર્ટ, ચડ્ડીઓ, ખમીસ, ફ્રોક, સ્કર્ટ પણ વર્ષો પહેલાની વાતોને વણી લઈને પોટલામાં બંધાયેલા પડ્યા છે. મને યાદ છે, એક વેકેશનમાં અમે પહાડી પ્રદેશમાં ઘૂમતા હતા ત્યારે કોઈ છોડના પાન તોડતા ગોલુના હાથપગે ખૂબ ખંજવાળ ઉપડી. ચામડી ઘસી ઘસીને લોહી ઉપસી આવ્યું. એ વખતે કોઈ બૌદ્ધ સાધુએ એક ડબ્બીમાં અમને લેપ આપેલો. એ લેપ લગાડતાં જ થોડીવારમાં ખંજવાળ મટી ગઈ. ગોલુને તો એ પ્રસંગની યાદ પણ નહિ હોય પણ હજુ કોઈ પતરાની પેટીમાં વર્ષો જૂની લેપની ડબ્બી પડી છે.

ઘણી ઘણી વસ્તુઓને ભંગારમાં કાઢી દેતા જીવ ચાલ્યો નહિ. પસ્તીવાળા કે જૂની ચીજવસ્તુઓ ખરીદતા ફેરિયાઓ માટે બહુ ઓછો સામાન નીકળ્યો. ચાર-છ કલાકની મહેનત પછી ભંડકિયાની સાફસૂફી કરી હું બહાર નીકળી ત્યારે મારું જૂનું ગાઉન ખરડાયેલું હતું. બાથરૂમમાં જઈ નિરાંતે નાહી. ના'તા ના'તા માણેલા સંસારને વાગોળતી રહી. સાંજે પતિદેવ ઘેર આવ્યા ત્યારે મેં કહ્યું, 'ભંડકિયાને જોઈ આવો. હવે એને વેસ્ટ પેપર બાસ્કેટ ન કહેતા.' પતિ નીચે જઈ નજર નાખી પાછા આવ્યા અને હસતા હસતા બોલ્યા, 'તારું બાસ્કેટ હવે સરસ લાગે છે હોં!' મેં પણ મજાક કરતા કહ્યું, 'તમને તમારા ધંધામાંથી મને ફરવા કે પ્રવાસે લઈ જવાનો સમય ક્યાં મળે છે? એટલે આજે હું એકલી એકલી પ્રવાસે જઈ આવી - મારા અતીતમાં.'

મામાને ત્યાંથી પાછા ફર્યા પછી રિષભનું રિઝલ્ટ આવી ગયું હતું. એને એન્જિનિયરિંગ કોલેજમાં પ્રવેશ મેળવવા જેટલા માર્ક્સ મળી ગયા હતા. બસ, હવે એ પછીના ચાર વર્ષ માટે આ ઘરમાં મહેમાન તરીકે જ રહેવાનો. એ નાના મોટા વેકેશનમાં આ ઘરમાં આવશે, દર વખતે કોઈ નવા નવા સંભારણાઓ રેલાવતો જશે અને પછી એની મીઠી સ્મૃતિઓની મહેક આ ઘરમાં ફરી વળશે. જે દિવસે કારમાં સામાન ભરી હું, મારા પતિદેવ અને ગોલુ-રિષભ બાજુના શહેરની રિષભની કોલેજ-હોસ્ટેલ તરફ રવાના થયા ત્યારે એને શિખામણ આપવા માટે મારી પાસે સો-દોઢસો વાતો હતી. મારે એને કહેવું હતું કે પંખા નીચે તારો કોટ ન રાખતો. તને શરદીનો કોઠો છે. શિયાળામાં ગોડદા પર ધાબળો નાખીને સૂજે, પરીક્ષા આપવા જાય ત્યારે આગલે દિવસે જ પેન, પેન્સિલ, ઈન્સ્ટ્રુમેન્ટસની અલગ થેલી તૈયાર રાખજે જેથી છેલ્લી ઘડીએ દોડધામ ન થાય, દરરોજ દૂધના પાઉચ આપી જવા દૂધવાળો બંધાવી લેજે, જાતે કપડાં ધોતાં નહિ આવડે એટલે કામવાળો બંધાવી લેજે, દર અઠવાડિયે ટુવાલ ધોવરાવવાનું ભૂલતો નહિ વિગેરે વિગેરે. પણ હું કશું બોલી શકી નહિ.

હોસ્ટેલના રૂમમાં એનો સામાન ગોઠવી અમે કાર પાસે આવ્યા. રિષભ વળાવવા આવેલો. એ અમને પગે લાગ્યો. મેં એને એમણે બાથમાં લીધો, ગોલુ વળગી પડી. મારે એને જે કહેવાનું હતું તે કહી શકી

**(અનુસંધાન પાના નં. ૨૬ ઉપર)**

*આવું આવું તો ઘણું આવે છે યાદ મને; ગમતું નથી અહીં ફ્લેટમાં,*
*આંગણામાં આંબો ને પાદર પર પીપળો, આવે છે યાદ અહીં ફ્લેટમાં.*
*- ભરત પાલ*

## ધર્મ સંદેશ - ૧૦૫

રચયિતા : જયકાંત મોતા - ઘાટકોપર (તેરા)
૯૮૧૯૬ ૨૮૩૮૨

[redacted]

**આડી ચાવીઓ -**

૧) આ સૂત્રમાં મહાવીરસ્વામી ને પૂછેલા ગૌતમસ્વામી ના ૩૬ હજાર પ્રશ્નો છે (૬)
૩) એટલે જીવ રક્ષામાટેની કાળજી(૩)
૪) શાંતિનાથનું લાંછન (૨)
૬) ગૌતમસ્વામીના ભાઇનું નામ (૪)
૯) આદેશ્વર પ્રભુને કેટલા પુત્રો હતા (૧)
૧૦) સંસારની ચિંતા સોંપી મોક્ષ માર્ગપર પ્રગતિ કરવાનું આ પ્રભુને કહેવાય (૪)
૧૨) દઢરથ એ શિતલનાથના — છે(૨)
૧૪) સાધુઓને કરાવવો પડે (૨)
૧૬) આ ૧૬ છે (૨)
૧૭) શિતલનાથના માતા (૪)
૧૯) — ને કાબુમાં રાખતા શીખો (૨)
૨૦) — આદેશ્વરજી દૂરથી આપ્યો (૨)
૨૧) — નાથનું લાંછન હાથી છે (૩)
૨૩) દેવનું વિરોધી (૩)
૨૪) સવારનું પ્રતિક્રમણ (૨)
૨૫) સાધુ અને શ્રાવક વચ્ચેની કડી(૨)
૨૬) આજ નામના આગામમાં આવેલ ૧૦૮ પાર્શ્વનાથમાંના એક (૩)
૨૯) પ્રભુને ચડાવેલ એક પવિત્ર દ્રવ્ય (૩)
૩૦) આ ગણવા સૂતરની માળા શ્રેષ્ઠ (૪)

**ઊભી ચાવીઓ -**

૧) ૧૦૮ પાર્શ્વનાથમાંના એક (૩)
૨) સાધુઓનું એક પદ (૨)
૩) આ સૂત્રના રચયિતા ગૌતમસ્વામી છે (૬)
૫) વ્યાખ્યાન એટલે સાધુઓની — નું શ્રવણ કરવું(૨)
૭) જમા નો(૨)
૮) એક ગતિ (૩)
૧૧) સ્થાનકવાસી સંપ્રદાયના સાધ્વી (૫)
૧૩) દિક્ષાર્થીનું છેલ્લું થાળીમાં ભોજન (૬)
૧૪) આને થોભ નથી (૨)
૧૫) ઉદયપુરમાં આવેલ ૧૦૮ માંના એક પાર્શ્વનાથ (૨)
૧૭) અરનાથનું લાંછન (૪)
૧૮) સુવિધીનાથના માતાનું નામ (૪)
૨૦) જગડુશા એ — ના પ્રણેતા હતા (૨)
૨૨) મારાજસાહેબનું એક જીવદયાનું ઉપષણ (૪)
૨૬) દેરાસરનું એક ઉપકરણ (૩)
૨૭) એક કર્મ (૨)
૨૮) તન, મન, — પ્રભુનાં ચરણો માં (૨)

**ઉકેલ : આડી ચાવીઓ -**

(૧) ભગવતિ સુત્ર (૩) જયણા (૪) મૃગ (૬) વાયુભૂતિ (૯) સૌ (૧૦) ચિંતામણી (૧૨) પિતા (૧૪) લોચ (૧૬) સતી (૧૭) નંદારાણી (૧૯) મન (૨૦) દાદા (૨૧) અજીત (૨૩) દાનવ (૨૪) રાઇ (૨૫) યતિ (૨૬) ચારૂપ (૨૯) નમણ (૩૦) નવકાર

**ઊભી ચાવીઓ -**

(૧) ભટેવા (૨) સૂરિ (૩) જગચિંતામણી (૫) વાણી (૭) ચુગ (૮) તિર્યંચ (૧૧) મહાસતીજી (૧૩) અંતિમવાયણા (૧૪) લોભ (૧૫) ચંદા (૧૭) નંદાવૃત (૧૮) રામારાણી (૨૦) દાન (૨૨) તરપણી (૨૬) ચામર (૨૭) નામ (૨૮) ધન

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### ભાંડૂપમાં ભક્તામર પૂજન

પૂ. સા. શ્રી ધર્મપ્રિયાશ્રીજી મ.સા. આદિ ઠાણા ચારની ક્રિયાશીલ નિશ્રામાં શ્રી સંઘે ''ભક્તામર'' પૂજન ભણાવ્યું. સા.ભ. સાત્વીક શૈલીએ ૪૪ ગાથા એનો મહિમા અર્થ સાથે સમજાવ્યો. સંખ્યાબંધ શ્રાવક વર્ગે પૂજતે પૂજન કર્યું. અનંતમિત્રનું સંગીત, શ્રી વિનય લોડાયાનું હારમોનીયમ વાદન, શ્રી ફાલ્ગુન ખોનાનું પઠન. માંડલાની રચના તોરલ અભય ડાઘા અને અ.સૌ. મીનલ ભાવેશ નાગડા. કેટરીંગ ફાઈવ સ્ટાર્સનું, સાઉન્ડ પણ મંડળનું એમ ભાંડૂપ સંઘમાં હર પૂજને લગભગ સ્વનું હોય બહારનું નહીં. અંતે ૧૫૦ જણે સ્વામિભક્તિનો લાભ આપ્યો.

અનંતનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી ઉપેન્દ્ર ગોશર એકાએક સ્વર્ગવાસી થતાં શ્રી સંઘ તરફથી લહેરચંદભાઈ મૈશેરીએ ભાવાંજલિ અર્પી શ્રી સંઘે કાઉસ્સ પાળી શ્રધ્ધાંજલિ આપી.

### શ્રી કુંથુનાથ મહિલા મંડળ - રાયપુર

શ્રી કુંથુનાથ મહિલા મંડળ - રાયપુરની લગભગ ૧૫ બહેનો અધ્યક્ષા - ગીતાબેન હરીશ શાહની સથવારે ૨૫-૬-૨૦૧૭ના રોજ પૂ. સાધ્વીજી શ્રી સમયગુણાશ્રી મ.સા. અન પૂ. સાધ્વીજી શ્રી શ્રુતગુણાશ્રીજી મ.સા.ના આકોલામાં ચાતુર્માસ પ્રવેશ પ્રસંગે દર્શન-વંદન કરવા ગયેલ.

સવારના ૯.૦૦ વાગે પ.પૂ. મ.સા. નો ભવ્ય ચાતુર્માસ પ્રવેશનો વરઘોડો અને ત્યારબાદ પ્રાસંગિક પ્રવચન મ.સા. દ્વારા આપવામાં આવેલ. બપોરના સ્વામિવાત્સલ્ય બાદ ટેક્ષી દ્વારા અંતરિક્ષજી પાર્શ્વનાથના દર્શન કરવા રવાના થયેલ રાત્રિ રોકાણ બાદ સવારના દર્શન-પૂજા અને બપોરનું જમણ લઈ શેગાંવ ''આનંદ વિહાર''ની મોજ માણી સાંજ સુધી આકોલા આવેલ ત્યાંથી ટ્રેન દ્વારા પાછા રાયપુર પાછા ફરેલ.

### શ્રી પદમમુક્તિ વાત્સલ્ય નિધી ટ્રસ્ટ (ચાલીસગામ)

પ.પૂ. શ્રી જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના પ્રેરણાથી સ્થાપિત થયેલ ટ્રસ્ટ તેમજ પ.પૂ. શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.ના આર્શિવાદ અને માર્ગદર્શનથી ટ્રસ્ટ ના કાર્યો સફળતાપૂર્વક ચાલુ છે. દર બુધવારના ગરીબોને ભોજન કરાવવવામાં આવે છે. જેના કાયમિ તિથિના દાતા : ૧) શ્રીમતી ભાબુબેન મણીલાલ ધુલ્લા (મુલુન્ડ) ૨) શ્રીમતી ગંગાબાઈ નરશી દંડ (મલકાપુર) ૩) માતુશ્રી ધનબાઈ કેશવજી લોડાયા (હસ્તે - ઝેવરચંદ કેશવજી લોડાયા-ડોંબિવલી) ૪) તારાબેન મેઘજીભાઈ ભાણજી પોલડિયા (નાગપુર) ૫) ચંદનબેન મોતિચંદ ધરમશી (હુબલી) ૬) સ્વ. ચિ. ચેતન દિપક લક્ષ્મીચંદ લોડાયા (ચાલીસગામ) ૭) નમ્રતા જીનેશ પાલાણી (હસ્તે - ઈન્દુમતીબેન ઉત્તમચંદ મૈશેરી-મુંબઈ)

### કોઠારામાં ભવ્યાતિભવ્ય ચાતુર્માસ પ્રવેશ

કોઠારા ગામે પૂ. સાધ્વીશ્રી આનંદિકરણાશ્રીજી મ.સા. ચાતુર્માસ પ્રવેશ કરતાં કોઠારા જૈન સંઘ દ્વારા વાજતે-ગાજતે તેઓનું ભવ્યાતિભવ્ય સામૈયું કરવામાં આવેલ. શ્રી પ્રેમચંદભાઈ મોમાયાએ સામૈયામાં ધાર્મિક નારાઓની રમઝટ બોલાવેલ. જિનાલયે દર્શન-ચૈત્યવંદનબાદ પૂજ્યશ્રીએ ઉપાશ્રયે પ્રવેશ કર્યો હતો. અને મંગલાચરણ કરી ચાતુર્માસનું મહત્વ સમજાવ્યું હતું.

સામૈયામાં હેમંત અજાણી, રાયચંદ લોડાયા, દીનેશ અજાણી, વીરચંદ ધરમશી, મણીલાલ શાહ, અનીલ મોતા, રતીલાલ લોડાયા, પ્રવીણ ટી. લોડાયા, પ્રભાતસિંહ જાડેજા તથા સમાજનાં આગેવાનો તથા બહાર ગામથી પધારેલા મહેમાનોની વિશેષ ઉપસ્થિત રહી હતી.

પ્રારંભે કુ. તોરલબેને સ્વાગત ગીત રજુ કરી ચાતુર્માસની આરાધનાઓ અને તપ અને ધાર્મિક કાર્યોના ફાયદા જણાવ્યા હતા. પ્રવિણભાઈ ટી. લોડાયા ચાતુર્માસની તપારાધનાંઓમાં જોડાઈ જવા સમજ આપી હતી.

સૂત્ર વહોરાવવાનાં ચડાવાનો લાભ જયાબેન ટોકરશી લોડાયા અને ચરિત્રનો લાભ વીરચંદ માણેકજી મૈશેરી પરિવારે લીધો હતો. સવારની નવકારશી અને બપોરનું સ્વામિવાત્સલ્ય માતુશ્રી કાન્તાબેન ગોવિંદજી અજાણી પરિવાર દ્વારા યોજાયું હતું.

કાર્યક્રમનું સંચાલન પ્રબોધ મુનવરે જ્યારે આભારવિધિ દીનેશ અજાણીએ કરેલ. સમગ્ર વ્યવસ્થામાં હરીશ મુનવર, લહેરચંદ લોડાયા તથા સર્વે કાર્યકરોએ સહકાર આપેલ. ૨૬-૬-ના 'વર્ધમાન શક્ર સ્તવ મહાપૂજન', માતુશ્રી લક્ષ્મીબાઈ શીવજી શામજી લોડાયા પરિવાર દ્વારા યોજાયું હતું.

### કચ્છમાં જરૂરતમંદ છાત્રોને નોટબુકો વિતરણ કરાઈ

શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈ દ્વારા દાતાશ્રી શ્રીમતી ભારતીબેન ભાગચંદ દામજી જૈન ચેરિટેબલ ટ્રસ્ટ મુંબઈના સહયોગથી ગ્રુપ અધ્યક્ષ જયેશ જૈન, ગોવિંદજી પટેલ, પ્રવિણ લોડાયા, કિરણ દંડના માર્ગદર્શન હેઠળ કચ્છમાં સમાજના જરૂરતમંદ વિદ્યાર્થી ભાઈ-બહેનોને નિઃશુલ્ક નોટબુકો વિતરણ કરવામાં આવેલ.

વિતરણ વ્યવસ્થા અરવિંદ લોડાયા, ગાંધીધામ, જયાબેન મુનવર, ભુજ તથા ગુલાબ મોતા, કોઠારાએ સંભાળેલ. આ ટ્રસ્ટના સહયોગથી ગ્રુપ દ્વારા કચ્છમાં દર વર્ષે નોટબુકો વિતરણ કાર્ય થતું આવ્યું છે.

### શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ-મુલુંડ

શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ-મુલુંડ દ્વારા આયોજિત શ્રી મહાકાલી માતાજીની ભાવના ૩-૯-૧૭ના રાતના ૮.૩૦ વાગે શ્રી વાસુપુજ્ય જિનાલયે રાખવામાં આવેલ છે. જેનો લાભ માતુશ્રી વનીતાબેન પુનમચંદ પાસુભાઈ મૈશેરી પરિવાર - લાલાવાળા એ લીધેલ છે. ભાવનામાં રીધ્ધી સીધ્ધી મંડળ પધારશે.

### પરબ શક્તિ સંજીવની સોસાયટી

પરબ શક્તિ સંજીવની સોસાયટીનો આગામી કાર્યક્રમ શનિવાર, તા. ૯મી સપ્ટેમ્બરના રોજ સંધ્યાકાળે મુલુંડ મધ્યે યોજવવામાં આવશે. આ કાર્યક્રમમાં નિષ્ણાંતો દ્વારા નાણાકીય તથા કાયદાકીય માર્ગદર્શન આપવામાં આવશે. મહિલાઓમાં આર્થિક આંટીઘૂટીઓની સમજ અને કાયદાકીય જાણકારીનું જ્ઞાન વધે અને વખત આવ્યે તેઓ કોઈ પણ કટોકટીને પહોંચી વળવા સક્ષમ બને તે હેતુથી 'પરબે' આ કાર્યક્રમનું આયોજન કર્યુ છે. વધુ વિગત આગળના અંકમાં આપવામાં આવશે.

### કોઠારા હાઈસ્કુલનાં પૂર્વ છાત્રોનું ૪૨ વર્ષે સ્નેહમિલન યોજાયું

કોઠારા જી.ટી. હાઈસ્કુલમાં વર્ષ ૧૯૭૫ એસ.એસ.સી.માં અભ્યાસ કરી ગયેલા વિદ્યાર્થી ભાઈ-બહેનોનું એક સ્નેહમિલન ૪૨ વર્ષ પછી કોઠારા વ.ક.નાથા છાત્રાલય મધ્યે એ સમય ગાળાનાં શાળાના પૂર્વ આચાર્ય પ્રભાતસિંહજી જાડેજા, પૂર્વ પીટી શિક્ષક એલ.વી. જોશી, પૂર્વ ચિત્રકામશિક્ષક વનરાજસિંહ જાડેજાનાં મુખ્ય અતિથિવિશેષ પદે યોજાયો હતો.

સ્વાગત પ્રવચન નવલબેન શાહે જ્યારે પ્રસંગ મહત્વ ઉષાબેન લાલકા, માલતીબેન શાહ તથા જયશ્રીબેન શાહે સમજાવ્યું હતું. ખાસ મુંબઈથી પધારેલા જૈન આગેવાન શામજીભાઈ દંડે પોતાનાં શાળા કાર્યના દિવસોની યાદ તાજી કરાવી હતી.

સ્વ. શિક્ષકો-વિદ્યાર્થીઓને યાદ કરી અંજલિ આપવામાં આવી હતી. જ્યોતિબેન ધુલ્લા, સુશીલાબેન પોલડીયાએ પોતાના ભાવ વ્યક્ત કર્યા હતા. કાર્યક્રમનું સંચાલન પ્રબોધ મુનવરે જ્યારે આભાર દર્શન નવલબેન શાહે કરેલ.

### કે.ડી.ઓ. સિનિયર સિટીઝન ડિગ્નીટી ક્લબ

ક્લબના ૨૦ સભ્યો ૧૧-૬ થી ૨૪-૬-૨૦૧૭ ના ૧૪ દિવસના સિક્કીમના પ્રવાસે ગયા હતા.

મુંબઈથી ટ્રેનમાં ન્યુ જલપાઈ ગુડી પહોંચ્યા પછી સિલિગુરી, ગંગતોક ગયા. રસ્તામાં આવતા ડુંગરો, ઝરણાઓ અને ધોધના મઝા માણી.

ગંગતોક તથા આજુબાજુની સાત રમણીય જગ્યાઓ જોયા પછી લાચુંગ ગયા (૮૮૯૯ ફુટ) સાત બહેનોના ધોધ, તે પછી યુમથાંગ વેલી (૧૧,૮૦૦ ફુટ)માં બરફમાં રમ્યા. ત્યારબાદ સામગો લેક (૧૨૪૦૦ ફુટ) નાથુલા પાસ અને બાબા હરબચનસીંગ મેમોરીયલ (૧૩૨૦૦ ફુટ), પેલીંગ (૧૨ જ્યાર્તિલીંગના મંદિરમાં દર્શન) ખાન ચેનજંઘા ધોધ, મેવારો રોક ગાર્ડન, રીંમ્બલ ધોધ, પોર્ચઓપવારી તળાવ, પેમાચાંગસે વિહાર, રેબડૉરસેના ખંડેર, અના હેલીપૅડ જોયા તે પછી ગુરુમારા નેશનલ પાર્કમાં આવેલ ઓલીવ રીસોર્ટમાં જંગલ સફારીના મોજ માણી.

આગામી પ્રવાસો ૪-૧૧ થી ૯-૧૧-૧૭ કુંબોજગીરી પનહાલા. ડીસેંબર ૨૦૧૭ જલ મહોત્સવ - ખંડવા. સંપર્ક - રતિલાલભાઈ - ૯૮૩૩૧૧૯૪૭૭.

### શેઠ કેશવજી નાયક પાલીતાણા ચેરીટી ટ્રસ્ટ

શાશ્વત ગીરીરાજની ગોદમાં શાશ્વતા જિનના સાનિધ્યમાં તપચક્રવર્તિ અચલગચ્છાધિપતિ આ.ભ.પ.પૂ. શ્રીમદ ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના શુભીશીષ આજ્ઞાસહ પાલીતાણા સ્થિત શાંત સ્વભાવી પૂ. ચંદ્રોદયશ્રીજી મ.સા., પૂ. મહોદયશ્રીજી મ.સા., પૂ. વિચક્ષણાશ્રીજી મ.સા., પૂ. યશપ્રભાશ્રીજી મ.સા. તથા પૂ. આત્મકિરણાશ્રીજી મ.સા. આદિ સાધ્વીજી ભગવંતોની શુભ નિશ્રામાં પર્વાધિરાજ મહાપર્વ પર્યુષણની આરાધના આ વર્ષે પાલીતાણાની સમસ્ત અચલગચ્છીય સંસ્થાઓની સહિયારી શક્તિથી શેઠ શ્રી કેશવજી નાયક ધર્મશાળામાં ઉજવવામાં આવશે.

આ પ્રસંગે અમારી વિનંતી સ્વીકારીને સ્વાધ્યાય પ્રેમી પૂ. નરેન્દ્રશ્રીજી મ.સા.ના શિષ્યા આત્માનંદી આધ્યાત્મ પ્રેમી પૂ. મહોદયશ્રીજી મ.સા. જિનવાણી અમૃતપાન કરાવશે. તો આપ સૌને પર્વની આરાધના કરવા માટે અત્રે પધારવા હાર્દિક આમંત્રણ પાઠવીએ છીએ.

પર્વ દરમ્યાન ત્રણેય ટાઈમ સાધર્મિક ભક્તિ, જિનાલય સજાવટ, પ્રભુજીની અંગ રચના પ્રભિતિયા ગાન શરણાઈ વાદન, સંધ્યા ભક્તિ - આરતી, જીવદયા અનુકંપા આદિ આવશ્યક કર્તવ્યો કરવામાં આવશે આ માટે જે પણ પુણ્યશાળી પરિવારોને લાભ લેવો હોય તેમણે શેઠ કેશવજી નાયક ધર્મશાળા પાલીતાણા ઓફીસનો સંપર્ક સાધવા વિનંતી. સાધર્મિક ભક્તિ માટે દાતા પરિવારો આવકાર્ય છે.

અનંત સિધ્ધોની ભૂમિમાં શુધ્ધ થવાનો અમુલ્ય અવસર... પર્યુષણની પાવન ગંગોત્રીમાં શુભ બનવાનો પવિત્ર પ્રસંગ. ફોન : 02848-252166 / 252647

| નવા/બદલાયેલા સરનામા/ફોન – (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું) | |
|---|---|
| **કાર્તિક ભવાનજી શાહ (ખોના)** (PS 5107) | બી-૧૦૦૪, આર્ય હાઈટ્સ, નૂતન નગર, જુનો વાપી વલસાડ રોડ, વાપી - ૩૯૬ ૧૯૧. મો.: ૦૯૩૭૫૯ ૭૯૮૯૯ |
| **મુરજી લક્ષ્મીચંદ છેડા** (PS 4135) | બાડા જૈન મહાજન, બાડા - ૩૭૦ ૪૭૫, કચ્છ. |
| **નરેન્દ્ર માણેકજી મોતા** (PS 824) | ૯૦૧, અનંત છાયા, ૯મે માળે, આર. બી. મહેતા માર્ગ, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૭. મો. : ૦૯૯૩૦૩ ૯૦૯૩૪ |
| **શામજી ગાંગજી લાપસીયા** (PS 6860) | જનતા હોટલ, આઝાદ રોડ, પૂર્ણા - ૪૩૧ ૫૧૧. મો. : મનોજ ૦૭૭૭૫૦ ૦૭૧૫૧ |

## જીવનચક્ર

| | | | | |
|---|---|---|---|---|
| | | **જન્મ** | | |
| ૧૯-૦૭-૧૭ | દાવણગીરી | વિયાન, ભુમિકા સચિન હરીશ નાગડા | નલીયા | પુત્રી |
| | | **સગપણ** | | |
| ૨૮-૦૭-૧૭ | મુલુંડ | હરેશ ધનજી આશારીયા પોલડીયા | બાયઠ | ૨૯ |
| | સેવગાવ | ભાવિકા ચંદા મુલજી મોતા | લાલા | ૨૧ |
| | | **લગ્ન** | | |
| ૦૨-૦૬-૧૭ | પનવેલ | પરેશ હીરાચંદ ગોવિંદજી નાગડા | નલિયા | ૩૦ |
| | ડોમ્બીવલી | ઈલમ રમેશ ગાંગજી ધરમશી | રંગપુર | ૨૮ |
| | | **મરણ** | | |
| ૩૦-૦૭-૧૭ | અબાડ | હિરજી ખેતશી દેવરાજ મોમાયા | સાંયરા | ૮૬ |
| ૦૧-૦૮-૧૭ | હુબલી | અનિલ જેઠાભાઈ હંસરાજ લાલકા | વારાપધર | ૬૭ |
| ૦૧-૦૮-૧૭ | હુબલી | સુંદરબાઈ વીશનજી આણંદજી મોમાયા | વરાડીયા | ૯૫ |
| ૦૨-૦૮-૧૭ | ઉજ્જૈન | વિનોદ રાયચંદ ધરમશી | સુથરી | ૭૮ |
| ૦૨-૦૮-૧૭ | ખામગામ | જમકુબાઈ વેલજી મૈશેરી | મોટી સિંધોડી | ૮૬ |

## ભંડકિયું (અનુસંધાન પાના નં. ૨૨ થી ચાલુ)

નહિ. મારું ગળું રુંધાઈ ગયું હતું. પુત્ર પહેલી વખત આ રીતે અમારાથી છુટો પડતો હતો. સાધારણ રીતે પતિ કાર ચલાવતા હોય ત્યારે હું આગલી સીટ પર બેસતી, છોકરાઓ પાછળ; પણ આજે હું ગોલુને વળગી પાછલી સીટ પર બેઠી રહી. વારે વારે મારી નજર બારી બહાર ખુલ્લા આકાશ તરફ માંડતી. આકાશમાં ઉડતા વિહંગોને જોઈ હું વિચારતી રહેતી કે મારો પુત્ર પણ હવે ખુલ્લા ગગનમાં ઉડવા જઈ રહ્યો છે. એ એવું વિશાળ નભ હશે કે જ્યાં એણે પોતાની જાતને સાચવી સાચવીને ઉડવાનું છે, અન્ય બાજ પક્ષી જેવા હિંસક પક્ષીઓથી બચવાનું છે. હવે એ મારું સંતાન મટી જઈ આ વિશ્વનો પૂર્ણપુરૂષ બનવા એક ડગલું માંડી રહ્યો છે.

એ રાત્રે મેં પુનઃ ભંડકિયામાં પ્રવેશ કર્યો. એક જૂની ખુરશી પર બેસી, વર્ષો જૂનું આલબમ કાઢ્યું. રિષભના પ્રથમ જન્મદિવસે ખેંચેલી તસવીરોના સમૂહમાં હું મારી જાતને ખોઈ બેઠી. જ્યારે જ્યારે હું એકલતા અનુભવું છું ત્યારે હું ભંડકિયામાં જઈ મારા ભૂતકાળમાં પ્રવાસ કરી આવું છું અને પુનઃ મારી જાતને મધુર સ્મૃતિઓથી ભરી દઉં છું. જ્યારે જ્યારે પુત્ર વેકેશનમાં ઘેર આવે ત્યારે હવે એ પણ મને હસીને કહે છે કે મમ્મી, હવે તો ભંડકિયું ખાલી કર. ક્યાં સુધી અમારી તૂટેલી-ફાટેલી ચીજો ત્યાં સાચવી રાખશે ? હું એને કશો જવાબ આપતી નથી. માત્ર આશ્વાસન આપું છું કે એક દિવસ નવરાશ મળશે ત્યારે બધું કાઢી નાંખીશ. એવી નવરાશ આજ સુધી મને ઘણી મળી છે પણ....

ભંડકિયામાં સચવાયેલી મારા સંસારની મીઠી મધુર સ્મૃતિઓને ફગાવી દેવાની મારી હિંમત ચાલતી નથી. આ ભંડકિયું મારા એકાંતની આમ્રઘટા છે, જ્યાંથી સંસારના મીઠા મધુરા ટહુકાઓ ગમે તેવા ગ્રીષ્મને શીતળ બનાવી દે છે.

* * *

# પુણ્યતિથીએ ભાવપૂર્વક સ્મરણાંજલી



**સ્વ. મણીલાલ પદમશી દંડ**
સ્વર્ગવાસ તા : ૧૦–૨–૧૯૮૧



**સ્વ. નવલબેન મણીલાલ દંડ**
સ્વર્ગવાસ તા : ૫–૮–૨૦૦૫

ગામ સેવક ભરૂડીયા - હાલ-મુલુંડ







**સ્વ. મધુબેન રતીલાલ અનમ**
સ્વર્ગવાસ તા : ૧૪–૪–૨૦૦૧

આપે દિધેલ સુસંસ્કાર અને સચ્ચાઇનો વારસો, કુટુંબ, પરિવારને એક તાંતણે બાંધવાનો વારસો,
લોકોના હૃદયમાં વસવાનો વારસો, મિલ્કતથી પણ અમુલ્ય, મળ્યો માણસાઇનો વારસો.
તમારી સ્નેહની વર્ષામાં નિરંતર ભીંજાવ્યા તમે અમને....
અધ્યાત્મજન બની આપેલ પરમાર્થની શિક્ષાને જીવનમાં ઉતારીએ એ જ સાચી શ્રધ્ધાંજલી અર્પીએ તમને...

## તમારી અમર સ્મૃતિમાં આશિર્વાદના અભિલાષી

અ.સૌ. હેમલતા તથા મહેન્દ્ર મણીલાલ દંડ
અ.સૌ. સંગીતા તથા રાજેશ મણીલાલ દંડ
અ.સૌ. છાયા તથા પીયુષ મહેન્દ્ર દંડ
અ.સૌ. પ્રિયંકા તથા નીખિલ વનરાજ ધુલ્લા
અ.સૌ. પ્રિયા તથા વિરલ રાજેશ દંડ
શ્રી રતિલાલ વાઘજી અનમ
અ.સૌ. ઉર્મીલા તથા અશોક મણીલાલ દંડ
અ.સૌ. સંગીતા તથા કિશોર લાપસિયા
અ.સૌ. નિશા તથા ધર્મેશ શાંતિલાલ લાપસિયા
અ.સૌ. ખુશ્બુ તથા ચિરાગ વનરાજ ધુલ્લા
અ.સૌ. તન્વી તથા નિરજ કિશોર લાપસિયા
અ.સૌ. મનીષા તથા અલ્પેશ મહેન્દ્ર કોઠારી

ચિ. ધવલ, હિમાંશી, નિયતિ, પ્રથમેશ, તરેન, દમીત, પ્રિયાંક, અકીરા ના જય જિનેન્દ્ર

C.D.O. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday (07-08-17)
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2017
Posting : Tuesday/Wednesday Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001



# CONGRATULATIONS

## Akshita Dalesh Momaya

DOB: 31st October 1993 • Kutch Gham Sayera hale Chalisgaon

Currently practicing in Mumbai.

It's a beautiful moment, a moment of great pride.

Today we take this moment to commemorate your achievements and Congratulate you on Completing your Masters in Counseling Psychology with 'A' Grade from Bombay University.

### Achievements: -

- Topper in first year BA
- Receiving scholarship and endowment prizes for the highest aggregate percentages.
- Highest award given to a girl child for scoring 96% in cognitive psychology
- Topped in MA 1st Year.

### Skills:

- Five levels of Hypnotherapy.
- Successive practise of a full-fledged Graphologist
- An effective predictive Numerologist
- A fantastic career as a powerful TAROT CARD READER
- A COUNSELLOR
- Certified at Finishing school.

*Today we would like to thank all the people who have helped in small and big ways to cross the milestones of success. Amongst them to name a few;*

**Hirbai Ramji Daga** (Great-Grandmother)
**Late Shri Kiran Ramji Daga** & **Mr Mahesh Ramji Daga**
**Mr Deepak Damji Poladia** (Mama-Bhusaval)
**Mr Chintan Hirachand Dand** (Mama and Guardian-Ghatkopar)



*We thank all the people who helped her glide on the road of success.*

*We all wish you a smashing career as a psychologist, hypnotherapist, Graphologist, Numerologist and Tarot card reader.*

*May the blessing of God and Guru remain with you always as you spread your healing touch.*

**By Dalesh and Neelam Momaya**

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,